**સુવિચાર**
વ્યકિત ધારે તો સમયનો સંપૂર્ણ ઉપયોગ કરી પોતાની પ્રગતિ સાધી શકે છે.
સમયની કિંમત સમજો અને 'અમૂલ્ય સમયને વેડફી ન નાખો.'
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૦/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૯૦

## ગામના સરપંચ અને શાળા પરિવાર સહિત પાંચ વ્યકિત સામે ગંભીર આક્ષેપ

# બગસરાનાં જુના ઝાંઝરીયા ગામની શાળાનાં આચાર્યને મરી જવા મજબૂર કર્યા

**મૃતકની પત્નીએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ**

**જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવા સહિતનો ત્રાસ અપાતા આચાર્ય કાંતિલાલ ચૌહાણે ઝેરી દવા પી લીધી**

**બનાવની જાણ થતાં દલિત સમાજનાં આગેવાનો મોટી સંખ્યામાં એકત્ર થયા**

**વિભાગીય પોલીસ અધિકારીનાં માર્ગદર્શનતળે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨૧

બગસરાના જુના ઝાંઝરીયા ગામની પ્રાથમિક શાળાનાં આચાર્યનાં આપઘાતના બનાવમાં ગામનાં સરપંચ સહિત શાળા સ્ટાફ સામે મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ મૃતકની પત્નીએ નોંધાવતા ચકચાર જાગી છે. બીજી તરફ આ ઘટનાને પગલે દલિત સમાજનાં આગેવાનોનાં ટોળેટોળા પોલીસ મથકે એકઠા થઈ આરોપીઓની ધરપકડ કરવાની માંગણી ઉઠાવતા માર્ગો બંધ થતાં ડીવાઈયએસપી સહિતનાં અધિકારીઓ દોડી આવ્યા હતા અને પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ બગસરાના જુના ઝાંઝરીયા ગામે રહેતા અને પ્રાથમિક શાળામાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા શિક્ષક કાંતિલાલ બધાભાઈ ચૌહાણે આજે ઘરે આવી ઝેરી દવા પીધી હોવાની પરિવારને વાત કરતા તેને પ્રથમ બગસરા દવાખાને બાદ વધુ સારવાર માટે જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

આ બનાવનાં પગલે મૃતક શિક્ષકનાં પત્ની રામુબેન ચૌહાણે બગસરા, પોલીસ મથકમાં ગામનાં વિપુલ કયાડા, મુકેશ બોરીસાગર, શાળાની શિક્ષિકા રંજનબેન લાઠીયા, હંસાબેન ટાંક, ભાવનાબેને માનસિક ત્રાસ, ધમકી આપી મારા પતિને મરી જવા મજબુર કર્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં રામુબેનનાં જણાવ્યા પ્રમાણે તેમના પતિ કાંતિભાઈએ ચાલુ ફરજે ઝેરી દવા પી ઘરે આવી મને કહેલ કે છેલ્લા ૧૦ દિવસથી મુકેશ બોરીસાગર તથા વિપુલ કયાડા સ્કૂલનાં કામકાજમાં શિક્ષિકા રંજનબેન, હંસાબેન, ભાવનાબેનની ચડામણીથી ત્રાસ આપે છે. જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી બદલી કરવાની ધમકી આપી છે. જે કારણે મેં દવા પીધી છે મારા પતિને ઝેરી દવા પી મરી જવા મજબૂર કરનાર ઉપરોકત પાંચ વિરૂધ્ધ કડક પગલા લેવા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવના પગલે બગસરા તેમજ જિલ્લાભરના દલિત આગેવાનો બગસરા પોલીસ મથકે મોટી સંખ્યામાં ઉમટી મળતી લાશ સ્વીકારવાનો ઈન્કાર કરતાં મામલો તંગ બન્યો હતો. આખરે આરોપીઓની ધરપકડ કરવાની માંગ સાથે લાશ સ્વીકારી

અનુસંધાન પાના ૬ ઉપર

## કુટણખાનુ ચલાવતી હોય કાયદેસરની કાર્યવાહી
# અમરેલીનાં ગોકુલ એપાર્ટમેન્ટમાંથી પોલીસે બે મહિલાઓને ઝડપી લીધી

**એક ગ્રાહકની પણ પોલીસે અટકાયત કરી**



અમરેલી, તા. ૨૧

સરકારમાંથી મળેલ સૂચનાઓ બાદ રાજયભરમાં પોલીસે સ્પામાં તપાસ હાથ ધરી હતી જેના પગલે બે દિવસ પહેલાં અમરેલીમાં બે સ્પામાં પોલીસે તપાસ હાથ ધર્યા બાદ અમરેલી પોલીસને મળેલ બાતમીના આધારે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી લાઠી રોડ ઉપર આવેલ ગોકુલધામ એપાર્ટમેન્ટમાં ચોથા માળે તથા તે જ અપાર્ટમેન્ટના પાંચમાં માળે રહેતી બે મહિલાઓ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક ફલેટમાં બહારથી સ્ત્રીઓ બોલાવી તથા ગ્રાહકો પાસેથી નાણા ઉઘરાવી શરીર સુખ પુરૂ પાડવાનું કુટણખાનું ચલાવતી હોય અને આર્થિક લાભ મેળવતી હોય પોલીસે દરોડા પાડી અને રેઈડ દરમ્યાન આરોપી ગ્રાહક મળી આવતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલીમાં લાઠી રોડ ઉપર આવેલ ગોકુલધામ એપાર્ટમેન્ટમાં ચોથા માળે ફલેટ નં. ૪૦૭ માં રહેતા ભુમિકાબેન નીતીનભાઈ મોહનલાલ પંડયા તથા તે જ અપાર્ટમેન્ટના પાંચમાં માળે ફલેટ

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતી ગાયને કારણે ઘટના બની
# અરેરાટી : લાઠીનાં માર્કેટયાર્ડ નજીક ગાય સાથે અથડાતા બાઈક ચાલકનું મોત

**૩૯ વર્ષિય પરપ્રાંતિય યુવકનું નિધન થયું**


અમરેલી, તા. ૨૧

મુળ મધ્યપ્રદેશનાં વતની અને હાલ લાઠી ગામે રહેતા રાયસિંહ દુર્જનસિંહ નામના ૩૯ વર્ષિય પરપ્રાંતિય યુવક ગત તા. ૨૦નાં રોજ બપોરે પોતાના હવાલાવાળ મોટર સાયકલ નં. જી.જે.-૦૧ એન.કે. ૭૫૯૨ લઈ અને લાઠી ગામે ભુરખીયા રોડ ઉપર માર્કેટયાર્ડ સામેથી પસાર થતાં હતા ત્યારે રોડ ઉપર રેઢીયાર પશુ સાથે તેમનું બાઈક અથડાય પડતા તેમને શરીરે ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

હોમીયોપેથિક સારવાર
ખરતા વાળ, ખોડો, અકાળે સફેદ વાળ, ખોટી ઉધરસ, અસ્થમા, એલર્જી, આધાશીશી, માઈગ્રેન, ચામડીના રોગો, ખરજવુ, સોરીયાસીસ, ખીલ, સાંધાનો દુઃખાવો, હરસ, મસા, ડીપ્રેશન, બેચેની જેવા તમામ રોગોની સંપૂર્ણ સારવાર મળશે.
ફોન ઉપર પણ સારવાર ઉપલબ્ધ : મો. ૯૧૦૯૮ ૨૫૪૧૩
ડૉ. પાયલ બોરાણિયા B.H.M.S.
નિયમિત મળશે : સોમ થી શનિ - સવારે ૧૦ થી ૧૨
ૐ ડેન્ટલ કિલનીક & હોમીયોપેથિક સેન્ટર
સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન-૨૩૦૩૦૦, મો.૭૦૧૫૮ ૩૭૧૩૭

મંગલ નવપ્રસ્થાન
Aikyam
ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી
M.B.,D.P.M./F.I.P.S.
પૂ. માતા-પિતા તેમજ ગુરૂવર્યશ્રીનાં આશીર્વાદ રૂપે... વડીલોનાં માર્ગદર્શનથી મિત્રો તેમજ સગા-સંબંધીઓના તેમજ દર્દીનારાયણનાં સહયોગ અને સથવારે પ્રગતિની કેડી પર પગરવ માંડતા... માંડતા... અમો Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલનો અમો અમારા નવા સરનામા પર આજથી શુભારંભ કરી રહ્યા હોય ત્યારે આપ સૌની હાજરી અમારા હૃદય તેમજ અશ્રુઓને હર્ષની લાગણીઓથી ભીંજવશે... એજ અભ્યર્થના.
આસોસુદ આઠમને રવિવાર
૨૨ ઓકટોબર ૨૦૨૩નાં રોજ
સવારે ૮:૦૦ કલાકેથી
આપના આગમન સુધીની
અમોને પ્રતિક્ષા રહેશે...
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે,
ICICI બેંક પાસે,
બસ સ્ટેશન રોડ, અમરેલી.
મો.નં. ૯૯૦૯૯ ૪૧૩૧૦
... ઉપલબ્ધ સુવિધાઓ ...
• સંપૂર્ણ શારીરિક, માનસિક તપાસ, ઈન્ટરવ્યુ તથા કન્સલ્ટીંગ.
• સાયકોથેરાપી, કાઉન્સેલીંગ-વાતચીત દ્વારા સારવાર.
• દાખલ કરીને દવાઓ અને ઈન્જેકશન દ્વારા સારવાર.
• ગંભીર માનસિક રોગોમાં વિજળીક શેક (બ્રીફ-પલસ ઈ.સી.ટી.) દ્વારા સારવાર.
• તમાકું, ગુટકા, બીડી, સીગારેટ, ચરસ, ગાંજો, અફીણ વગેરે માટે દાખલ કરી વ્યસન મુક્તિની સારવાર.
• દારૂના વ્યસની માટે વ્યસન મુક્તિની સારવાર (દવા-કાઉન્સેલીંગ થેરાપી).
• સેકસ સંબંધી સંપૂર્ણ માર્ગદર્શન અને સારવાર.
• બાળમાનસીક રોગોની સારવાર.
• E.E.G. (મગજની પટ્ટી) દ્વારા વાઈ, આંચકી, ખેંચ માટેના નિદાનની સુવિધા.
• ઉદાસી, વિચારવાયુ રોગો માટે T.D.C.S. (ટ્રાન્સક્રેનીયલ સ્ટીમ્યુલેશન) મશીન દ્વારા સારવાર આપવાની સુવિધા.
• મલ્ટી બીહેવીયર મશીન દ્વારા સારવારની સુવિધા.
: શુભચીંતક :
''અમરેલી એકસપ્રેસ''
પરિવાર - અમરેલી

SAMSUNG
વ્યાજબી ભાવ, સર્વોત્તમ સર્વીસ,
ઉતમ પ્રોડકટ એજ અમારી ઓળખ !



0% વ્યાજદર
INSTANT CASHBACK OFFER
સરળ માસીક હપ્તે વસાવો
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE
BAJAJ FINSERV | HDFC BANK | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૮૪ ૫૯૫૪૭

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

# અમરેલીમાં નિર્માણાધિન ''તપોવન આશ્રમ''ની સગર સમાજે મુલાકાત લીધી



સેવાનાં સરનામે ઉમળકા સાથે સાસ્ત સગર સમાજની ટીમે તા. ૧૯/૧૦/૨૩નાં રોજ સારહી તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાત કરેલ. સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા– સારહી યુથ કલબ પ્રમુખ–લોકસેવા મુકેશભાઈ સંઘાણીની સમસ્ત સગર સમાજે હૃદયપૂર્વક આભાર સાથે સન્માન કરેલ. આ અવસરે અમરેલી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી નગરપાલિકા ઉપપ્રમુખ પ્રતિનિધિ વિશાલભાઈ કાલેણા, અમરેલી સગર સમાજ પ્રમુખ નાનજીભાઈ પાથર, કિશાન મોરચાનાં હોદેદાર ઘનશ્યામભાઈ કણક તથા સમસ્ત સગર સમાજનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી. આ તકે એન્જીનીયર હિમાંશુભાઈ ધાનાણી ઉપસ્થિત રહેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### રૂપિયા ૧:૨૦ લાખની લાંચ લેવાનાં ગુન્હામાં

## બાબરા : ધરાઈ ગામનાં ઉપસરપંચની જામીન અરજી નામંજુર કરતી એડી.સેશન્સ કોર્ટ

### સમગ્ર બનાવની તપાસને લઈને પણ શંકા–કુશંકા ઉભી થઈ

અમરેલી, તા. ૨૧

બાબરા નજીક આવેલ ધરાઈ ગામે રૂ. ૧.૨ લાખ લાંચ લેવાના કિસ્સામાં આરોપી ઉપ સરપંચના જામીન નામંજુર સેશન્સ કોર્ટ દ્વારા નામજુર કરવામાં આવેલ છે. ધરાઈ ગામનાં આરોપી ઉપસરપંચનાં ગુન્હાહીત ઈતિહાસ બાબતે તપાસ કરનારે કોઈ માહિતી જણાવેલ ન હોય કોર્ટ દ્વારા અમરેલી પોલીસ અધિક્ષકને આ બાબતે જાણ કરતા પોલીસ બેડામાં સન્નાટો ફેલાયો છે.

આ બનાવની વિગત જોઈએ તો અમરેલી તાલુકાનાં ધરાઈ ગામે આ કામનાં ફરીયાદી વિરલભાઈ ગુલાબભાઈ જોષીએ તેમનાં ધરાઈ ગામે આવેલ પોતાની જમીનમાં ટાવર ઉભો કરેલ હોય જે ટાવરનું ભાડું ફરિયાદીનાં બેંક ખાતામાં જમા થતું હોય જે ટાવરની જગ્યા ગેરકાયદેસર છે, તેવું જણાવી આ કામનાં આરોપીનાં પત્ની ધરાઈ ગામનાં સરપંચ તરીકે ફરજ બજાવતા હોય આ કામનાં આરોપી પરેશભાઈ ઈશ્વરભાઈ કાપડીયા કે જેઓ ધરાઈ ગામનાં ઉપસરપંચ હોય અને તેમણે ઈન્ડુસ કંપનીના ટાવર બાબતે ગેરકાયદેસર હોય તેની કાર્યવાહી નહી કરવા માટે ફરીયાદી પાસેથી રૂા.ત્રણ લાખ ની માંગણી કરેલી, અને રકઝકનાં અંતે ફરિયાદીઓ



એડવોકેટ જીગીશુ મહેતા

રૂા.૧,૨૦ લાખ આપવા સંમતિ આપી અને તે અંગેની ફરિયાદ તેઓને ટોલ ફ્રી નંબર ૧૦૬૪ મારફતે એ.સી.બી. કચેરીમાં નોંધાવતા પોલીસે આ કામનાં આરોપીની તા. ૯/૮/૨૩ ના રોજ ધરપકડ કરી કોર્ટમાં રજુ કરેલા અને કોર્ટ બે દિવસનાં રીમાન્ડ પણ આપેલા.

ત્યારબાદ આ કામે ચાર્જશીટ રજુ થતા આ કામનાં આરોપી પરેશ ઈશ્વરભાઈ કાપડીયા કે જેઓ ધરાઈ ગામનાં ઉપસરપંચ છે. તેઓએ એડી.સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલી, તે કામે મુળ ફરિયાદી વિરલભાઈ ગુલાબભાઈ જોષીએ તેના એડવોકેટ જીગીશું મહેતા દ્વારા આંક–૭ થી પોતાના વાંધા રજુ કરેલા અને જેમાં મુળ ફરિયાદીએ વાંધામાં જણાવેલું કે આ કામનાં આરોપી ઉપસરપંચ વિરૂધ્ધ અગાઉ એટ્રોસીટી એકટનો ગુન્હો નોંધાયેલો છે. તેમજ સાયબર ક્રાઈમનો ગુન્હો નોંધાયેલ છે. તે અંગેના આધારો પોતાનાં વાંધા સાથે તેમનાં વકીલ મારફતે કોર્ટમાં રજુ કરેલા અને કોર્ટને વાંધામાં જણાવેલું કે આ કામનાં ઉપસરપંચ આરોપી રૂા.૧,૨૦,૦૦૦ ની લાંચ સ્વીકારતા પકડાઈ ગયેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈને એડી.સેશન્સ કોર્ટ આ કામનાં આરોપીની જામીન અરજી નામંજુર કરેલ હતી અને વધુમાં એડી.સેશન્સ જજ વાય.એ.ભાવસાર તરફથી તપાસ કરનાર ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર જે.એમ. સોલંકીએ જે સોગંદનામું રજુ કરેલ તેમાં આરોપીના ભુતકાળનાં ગુન્હાના અંગેની કોઈ માહિતી જણાવેલી ન હોય તે અંગે કોર્ટ તરફથી તેમનાં વિરૂધ્ધ પોલીસ અધિક્ષક યોગ્ય કાર્યવાહી કરવા માટે આ જામીન અરજીના હુકમની એક નકલ મોકલવા માટે યાદી કરવાનો હુકમ કરતા તમામ તપાસ કરનાર અધિકારીઓ તથા પોલીસ બેડામાં આ બાબતે સન્નાટો ફેલાઈ ગયેલ છે. આ કામે મુળ ફરીયાદી તરફે યુવા એડવોકેટ જીગીશુ મહેતા રોકાયેલા હતા.

## રાજુલા રેન્જના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી વન્યજીવ રેન્જ ટીમ



અમરેલી, તા. ૨૧

નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ તેમજ મદદનીશ વન સંરક્ષક અમરેલીની સુચના હેઠળ રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલા દ્વારા રેન્જનાં સ્ટાફની અલગ–અલગ ટીમ બનાવી બાતમી મેળવી રેન્જ અગાઉના ગુન્હામાં સને ૨૦૨૧માં પિપાવાવ પોર્ટમાં ટ્રનક નીચે સિંહણ સાથે અકસ્માત કરી સિંહણનું મૃત્યુ નિપજાવેલ હોય. જે તે વખતે આરોપી જેલ હવાલે થયો હતો પરંતુ જામીન ઉપર મુકત થયા બાદ તે આરોપી મુદતમાં હાજર રહેતો ન હોય અને નાસતો ફરતો હોય તે આરોપી સરયુપ્રસાદ જગન્નાથસિંહ રહેવાસી ઉત્તરપ્રદેશવાળ ાને અન્ય જીલ્લામાંથી ઝડપી લઈ એડી. ચીફ.જયુ.મેજી. સમક્ષ કોર્ટમા રજુ કરતા આરોપીને અમરેલી જેલ હવાલે કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં વાય.એમ. રાઠોડ રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલા, આઈ.વી. ગોહિલ વનપાલ સુચિત રેસ્કયુ ટીમ–૧, જે.પી. ચૌહાણ વનરક્ષક રાજુલા–૧ બીટ, યુવરાભાઈ ધાખડા આપાતકાલીન ટ્રેકસ તથા વિસ્મય રાજયગુરૂ સહિતના કર્મચારીઓ જોડાયા હતાં.

### અમરેલી નજીક આવેલ

## શાસ્ત્રીનગરમાં રહેતા આધેડે માનસિક બીમારથી કંટાળી ઝેરી દવા પી કર્યો આપઘાત

### છેલ્લા ૪–૫ વર્ષથી માનસિક બીમાર રહેતા હતા

અમરેલી, તા. ૨૧

અમરેલી નજીક આવેલ ચિતલ રોડ શાસ્ત્રીનગરમાં રહેતા હરેશભાઈ ભીખાભાઈ ચૌહાણ નામનાં ૪૫ વર્ષિય આધેડ છેલ્લા ચાર–પાંચ વર્ષથી માનસિક બીમાર હોય. તે બીમારનાં કારણે તેઓએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થતાં એએસઆઈ એસ.ડી. જેઠવાએ વધુ તપાસ હાથ ધરી છે.

### કમાંડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ)ની મદદથી

## અમરેલીમાં ઓટો રિક્ષામાં મુસાફર દ્વારા ભૂલી જવાયેલ પાર્સલ મળ્યું

### રિક્ષાનાં નંબરનાં આધારે પાર્સલ મળવામાં સફળતા મળી

અમરેલી, તા. ૨૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટરના એચ.એલ. પાથરના માર્ગદર્શન મુજબ કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪×૭ કલાક સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહેલ છે.



ગત તા. ૧૯ના રોજ અમરેલી શહેરમાં જનરલ નર્સિંગ સ્કુલ અમરેલી ખાતે રહેતા અરજદાર રાઠોડ દિર્ધાબા પ્રવિણસિંહ પોતે તેમની બહેનપણી સાથે ગર્લ્સ સ્કૂલ કોર્નર, નાના બસ સ્ટેશનથી એક ઓટો રિક્ષામાં બેસી હરીરોડ ખાતે શોપીંગ કરવા માટે ગયેલ. તે દરમ્યાન તેઓ પોતાનું એક પાર્સલ ઓટો રિક્ષામા ભુલી ગયેલ હતા. બાદમાં તેઓએ તે રિક્ષા વાળાને શોધેલ પરંતુ મળેલ ન હોય. જેથી તા. ૨૦ ના રોજ અત્રે નેત્રમ શાખાએ આવીને જણાવેલ જેથી અત્રેના કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ના સ્ટાફ દ્વારા ગર્લ્સ સ્કૂલ કોર્નરના કેમેરા ચેક કરતા અરજદાર તેમની બહેનપણી સાથે એક ઓટો રિક્ષામાં બેસતા જોવામાં આવતા હોય જે રિક્ષાને ટ્રેસ કરતા જે રિક્ષા લાઈબ્રેરી ચોક તરફ જતી જોવામાં આવતી હોય જેના રજીસ્ટ્રેશન નંબર શોધી તેના આર.ટી.ઓ. ડીટેઈલ મેળવી રિક્ષા ચાલકનો કોન્ટેક કરી રિક્ષાવાળા સાથે વાત કરી ગઈ કાલ તા. ૧૯ ના રોજ બે લેડીઝ તેમની રિક્ષામાં એક પાર્સલ ભુલી ગયેલ છે તે પાર્સલ તમારી રિક્ષામા છે તેવું જણાવતા તે રિક્ષા ચાલકે કહેલ કે તે પાર્સલ તેમની પાસે જ છે. જેથી તે રિક્ષાવાળાને અત્રે કમાન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે બોલાવી અરજદારનું પાર્સલ પરત આપાવેલ છે.

આમ ઈન્ચાર્જ પી.સબ.આઈ. ''નેત્રમ'' કમાન્ડ કંટ્રોલ સેન્ટર અમરેલીના એચ.એલ. પાથર, સ્ટાફ વુમન એ.એસ.આઈ. વી.સી. બોરીચા તથા એ.એસ.આઈ. પી.ડી. ગામીત તથા પો.કોન્સ. લાભુગીરી ગોસાઈ તથા પો.કોન્સ. વૈભવકુમાર ચુડાસમા દ્વારા તાત્કાલીક અસરકારક કામગીરી કરી હતી.

### નીલમ વામજાએ ૧૦૩ અને અતીક જફાઈએ ૬૧ રન તેમજ ૩ વિકેટ ઝડપી મેન આફ ધ મેચ મેળવેલ છે


## અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમનો તાજાવાલા ટુર્નામેનટમાં સુરેન્દ્રનગર સામે ૨૧ રનથી વિજય

### ડીસ્ટ્રીકટ ક્રિકેટનાં ચેરમેન શૈલેષ સંઘાણીએ અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા. ૨૧

સૌરાષ્ટ્ર ક્રિકેટ એશોસીએશન તરફથી ચાલતી તાજાવાલા ટુર્નામેન્ટમાં ભાવનગર ખાતે અમરેલી ડિસ્ટ્રીકટ ટીમની તા. ૨૦/૧૦/૨૩ ના રોજ અમરેલી ટીમ સામે સુરેન્દ્રનગર ટીમની મેચ હોય જેમાં સુરેન્દ્રનગરે ટોસ જીતીને પ્રથમ અમરેલીને દાવ આપતાં અમરેલી ડીસ્ટ્રીકટ ની ટીમે ૨૬૩ રન બનાવેલ જેમાં કેપ્ટન નીલમ વામજાના ૧૦૩ રને નોટ આઉટ રહેલ તેમજ કિશન વાઢીયાનાં ૩૯ રન તેમજ અતીક જફાઈનાં ૬૧ રન મુલ્ય હતા. ત્યારબાદ સુરેન્દ્રનગરની ટીમ દાવમાં આવતાં તે ૨૪૨ રનમાં ઓલ આઉટ થયેલ જેમાં અમરેલી તરફથી પ્રિન્સ ચોવટીયાએ ૪ વિકેટ તેમજ અતીક જફાઈ એ ૩ વિકેટ તેમજ ભુપત વાળાએ ૨ વિકેટ લેતાં અમરેલીનો ૨૧ રનથી વિજય થયેલ છે. અમરેલી ડિસ્ટ્રીકટ ક્રિકેટ ટીમે સતત ૩ મેચ જીતીને ઘણાં વર્ષો પછી સુંદર પરફોમેન્સ બતાવવા બદલ અમરેલી ડીસ્ટ્રીકટ ક્રિકેટના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી એ અમરેલી ની ટીમને અભિનંદન આપેલ છે. તેમ આ ક્રિકેટ ટીમનાં કોચ મયુરભાઈ ગોરખીયાની યાદીમાં જણાવેલ છે.

## બાઢડા ખાતે CISF જવાનનું સ્વાગત થયું



સાવરકુંડલા, તા.૨૧

સમસ્ત ભરવાડ તેમજ સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામનું ગૌરવ એવા વશરામભાઈ લખમણભાઈ ભરવાડ જેવો CISF INDIA ARMY ની ટ્રેનીંગ છતીચગઢ ભીલાઈ પુર્ણ કરી છે. હાલ પ્રથમ પોસ્ટીગ બેન્ગલોર એરપોર્ટ ખાતે થયેલ છે ટ્રેનિંગ પૂર્ણ કરીને માદરે વતન એવાં બાઢડા ગામે પધાર્યા ત્યારે સગાં સંબંધીઓને તેમજ બાઢડા ગામે ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આખા બાઢડા ગામમાં ભવ્ય શોભાયાત્રા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## અમરેલીમાં ૨૭ ઓકટોમ્બરે જિલ્લા સ્વાગત કાર્યક્રમ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાનો માહે ઓકટોબર–૨૩ જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬/૧૦/૨૩ ને ગુરૂવારના રોજ યોજાવાનો હતો પરંતુ જેની તારીખમાં ફેરફાર થતાં હવે આ જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૭/૧૦/૨૩ ને શુક્રવારના રોજ સવારે ૧૧ વાગ્યે જિલ્લા કલેકટરની કચેરી,અમરેલી ખાતે યોજાશે તેમ નિવાસી અધિક કલેકટર, અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી ખાતે ''હર ઘર તુલસી ઘર ઘર તુલસી''નાં ઉદ્દેશ્ય સાથે તુલસીનાં રોપાનું વિતરણ




અમરેલીનાં રાજકમલ ચોકમાં અને સાવરકુંડલામાં રિધ્ધિસિધ્ધિનાથ મહાદેવ મંદિર સામે સંત શ્રી આશારામજી બાપુ પ્રેરિત "વૃન્દા અભિયાન" અંતર્ગત "હર ઘર તુલસી ઘર ઘર તુલસી" ના ઉદેશ્ય સાથે તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. તુલસીનાં રોપા સાથે દરેક તુલસીના ઔષધિય ગુણો અને ઉપયોગો વિષેની માહિતી પત્રિકા અને "ઋષિ પ્રસાદ" સત્સાહિત્ય પણ ભેટ સ્વરૂપ આપવામાં આવ્યું. કોઈપણ જાતના નાત–જાતના ભેદભાવ વગર દરેક સમાજનાં લોકોએ તુલસીના રોપા મેળવી ધન્યતા અનુભવી. ખૂબ જ આદર સાથે લોકો તુલસીના રોપા લઈ જતાં નજરે પડયા. વલ્લભીપુર આશ્રમના સાથ–સહકાર અને માર્ગદર્શનથી તેમજ મહિલા ઉત્થાન મંડળની બહેનોની જહેમતથી આ કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયો.

## દરિયાનો ડાયરો, સાગરખેડૂ વિકાસ ટ્રસ્ટ અને બાપા સીતારામ ટ્રસ્ટે કરી રજૂઆત

# અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠાનાં માચ્છીમારોની સમસ્યા દૂર કરો

**અવારનવાર આવતી કુદરતી આફતોનાં સમયે દરિયામાંથી માચ્છીમારોને પરત બોલાવી લેવાતા ડીઝલ ખર્ચ ભારે પડે છે**

**દરિયાકાંઠે સુકાતી માછલીઓ નાશ પામતી હોય સરકાર તરફથી કોઈ વળતર મળતું નથી**

**માચ્છીમાર ઉદ્યોગ મોટી માત્રામાં રોજગારી આપતો હોય સરકારે પ્રોત્સાહન આપવું જરૂરી**

**મામલતદાર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું**



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૧

ગુજરાતના દરિયાકાંઠે વારંવાર કમોસમી વરસાદ, વાવાઝોડા આવવાથી સમગ્ર ગુજરાતના બોટ માલીકોની માછલીઓ નાશ પામતી હોય. જેથી આવા સંજોગોમાં બોટ માલિકોને આર્થિક નુકસાન સામે વળતરની યોજના જાહેર કરવા બાબતે અલગ અલગ માચ્છીમાર સંગઠનો દરિયાનો દાયરો રાજુલા તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જાફરાબાદ, શિયાળબેટ બાપા સિતારામ, તમામ પ્રતિનિધિઓ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્રથી રજુઆત કરાઈ છે. વારંવાર વાવાઝોડું આવે છે જેમાં તાઉતે, બિપરજોય, જેવા અનેક વાવાઝોડા ગુજરાતના દરિયાકાંઠે આવ્યા છે. આવા સમય સાવચેતીના ભાગરૂપે બોટ માલિકોને સરકાર દ્વારા જાણ કરી બોટોને દરિયામાંથી પરત કાંઠે બોલાવી લેવામાં આવે છે. આવા સંજોગોમાં ગુજરાતનાં બોટ માલિકોને અચાનક દરિયામાંથી બોટ પરત બોલાવતા ખુબ મોટું નુકસાન થાય છે, ડીઝલનો ખર્ચ, મજુરોને મહેનતાણાનો ખર્ચ જેવા અનેક ખર્ચા થતાં હોય છે. તેમજ સાથે સાથે આવી કુદરતી આફતોને કારણે સાગરખેડૂઓ કુદરતી આફતોને લીધે હાલ બેહાલ. આવા સમયે વરસાદથી બોટ માલિકોની કાંઠે સુકાતી માછલીઓ પણ નાશ પામે છે. આ બોટ માલિકોને દરિયામાંથી અચાનક પરત આવતા જે આર્થિક નુકસાન થાય છે તેની સાથે કાંઠે સુકાતી માછલીઓ નાશ પામતા બોટ માલિકોને કરોડો રૂપિયાનું નુકસાન થઇ રહેલ છે. ગુજરાત ના બોટ માલિકો લાખો માચ્છીમાર મજુરોને રોજગારી પણ આપી રહેલ છે પરંતુ આવા નુકસાનથી તે રોજગારી ઉપર પણ જોખમ ઉભું થયેલ છે. તેમજ વિદેશમાં માછલીઓ મોકલવાથી દેશને જ વિદેશી હુંડીયામણ મળી રહે છે તેના ઉપર એક પ્રકારનું જોખમ ઉભું થયેલ છે. જેથી સાગરખેડૂઓની માંગણી છે કે સમગ્ર ગુજરાતના બોટ માલિકોના વ્યવસાયને ટકાવી રાખવા, સાગરખેડૂ મજુરોની રોજગારી ટકાવી રાખવા, વિદેશી હુંડીયામણ ટકાવી રાખવા વરસાદથી થતાં ઉપરોકત આર્થિક નુકસાન સામે વળતર આપવા માટેની રાજય સરકારે પોલીસી જાહેર કરવી જોઈએ. જે આ બે બાબતોનો સમાવેશ કરવો જોઈએ (૧) વાવાઝોડા જેવા સંજોગોમાં દરિયામાંથી બોટ પરત લાવતા સમયે થતો ડીઝલ ખર્ચ અને મજુરોને મહેનતાણા ખર્ચની જોગવાઈ (૨) બોટ માલિકોની દરિયાકાંઠે સુકાતી માછલીઓને આવાં સંજોગોમાં નાશ પામવા સામે આર્થિક વળતરની જોગવાઈ કરવી જોઈએ. આ બાબતે જુદી જુદી માચ્છીમારોની સંસ્થાઓ, સંગઠનોના પ્રતિનિધિઓઓની માંગણી સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું. આ આવેદનપત્ર આપતા દરિયાનો દાયરો સંસ્થાના પ્રમુખ તથા એડવોકેટ અરવિંદભાઈ ખુમાણ તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ આર. સોલંકી તથા ટ્રસ્ટી ભરતભાઈ બારૈયા તથા મેબળો તથા શિયાળબેટ બાપા સીતારામ સંગઠન અને જુદી જુદી સંસ્થાનાં પ્રતિનિધિઓ જોડાયા હતા.

### ખાંભા નજીક આવેલ

## સાળવા ગામે અગાઉનાં મનદુઃખે છુટા પથ્થરનાં ઘા કરી યુવકને માર માર્યો

અમરેલી, તા. ૨૧

ખાંભા તાલુકાનાં સાળવા ગામે રહેતા અરવિંદભાઈ કરશનભાઈ સાખંટ નામનાં યુવકે ગણેશ ઉત્સવમાં પોતાની શેરીમાં લાઈટની સીરીઝ લગાવેલ હતી. તે વખતે તેજ ગામે રહેતા ફુલાભાઈ ધીરૂભાઈ સતાસીયા સાથે બોલાચાલી થયેલ. તે વાતનું મનદુઃખ સામાવાળા ફુલાભાઈ તથા ૨ મહિલા સહિત ત્રણ લોકોએ યુવકને ગાળો આપી છુટા પથ્થરનાં ઘા મારી ઈજા કરી હતી. આ બાબતે ગઈકાલે સાંજના ઠપકો આપવા જતાં સામાવાળાએ યુવકનાં ભાઈને મૂંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## લીખાળા ગામે ગરબી જોવા ગયેલ યુવકને ધક્કો મારી દેવાનાં મનદુઃખે માર માર્યો

**બે ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૨૧

લીખાળા ગામે રહેતા હર્ષદભાઈ વજુભાઈ બોરીસાગર નામનાં ખેડૂતનાં દીકરાને ગરબી જોતી વખતે તેજ ગામે રહેતા રવુભાઈ ધીરૂભાઈ ખુમાણનાં ભત્રીજાએ ધકકો મારી પછાડી દેતા જે અંગે ખેડૂતે સામાવાળાને ઠપકો આપતા આરોપી રવુભાઈ ખુમાણ તથા કિશરોભાઈ વિક્રમભાઈ ખુમાણે ઉશ્કેરાઈ જઈ ગાળો આપી ઢીકા પાટુનો માર મારી લોખંડનાં પાઈપ વડે ખેડૂતને ઈજા કરી, છરી બતાવી થાંભલા સાથે ભટકાવી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર
▪ સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨

















## દવાના અતીરેકથી બચો – (ભાગ–૧)

પંદર દિવસ પહેલા મારે ગાંધીનગર જવાનું હતું, મારા એક મિત્રને પણ તેના પપ્પાની તબીયત અમદાવાદની એક મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલમાં બતાવાવાનો વારો હતો, મારો મિત્ર એ આગલે દિવસે મને કહ્યું હતું કે હું ગાડી લઈને અમદાવાદ જવાનો છું અને ગાડીમાં હું ને પપ્પા બે જ છીએ તું અમારી સાથે જ આવી જજે, અમે સવારે ૫–૪૫ એ અમદાવાદ જવા નીકળ્યા, ૬ વાગ્યા ત્યાં મિત્રના પપ્પાના મોબાઈલમાં એલાર્મ વાગ્યો અને એણે કોઈ દવા લીધી, ફરીથી ૭ વાગ્યે એલાર્મ વાગ્યો અને પાછી દવા લીધી અમે રસ્તામાં ગેલોપ્સ હોટેલે નાસ્તો કરવા ઊભા રહ્યા ત્યાં પાછો એલાર્મ વાગ્યો ને તેમણેદવા લીધી, અમે નાસ્તો કરી પાછા ગાડીમાં બેઠા અને મે મિત્ર ના પાપા ને પુછયું કે તમે અત્યાર સુધી માં ત્રણ વાર દવા લઈ લીધી ! આખો દિવસ માં કેટલી દવા લ્યો છો ? મને કહે આખો દિવસમાં જુદા–જુદા ટાઈમે ૧૬ જાતની દવા લેવાની હોય છે એટલે ભૂલી ના જાવાય ને સમયસર દવા લેવાય એટલે મોબાઈલ માં એલાર્મ સેટ કરેલ છે. મને આશ્ચર્ય થયું કે ૧૬ જાતની દવા ? મે અંકલ ને કહ્યું મને તમારી ફાઈલ બતાવો ને મારે તમારી દવા અને રીપોટ્ર્સ જોવા છે. અંકલની ફાઈલ મે ધ્યાનપૂર્વક વાંચી તેમને હાઈપર ટેન્શન, ડાયાબીટીઝ અને કોલેસ્ટેરોલની તકલીફ હતી, મે તેના બધા જૂના રીપોટ્ર્સ ધ્યાનપૂર્વક જોયા તેમાં અમરેલીના ફીઝીશયન ડોક્ટરના રીપોટ્ર્સ પણ હતા. મે મારા મિત્રને કહ્યું કે આ તકલીફ માટે છેક અમદાવાદ કેમ બતાવવા જાવ છો ? અમરેલીમાં આ રોગની સારવાર થાય જ છે, મારો મિત્ર કહે અમે અમરેલીમાં એક ખુબજ જાણીતા અને હોશીયાર ડોકટર સાહેબની દવા લેતા જ હતા (આ ડોકટર પાછા મારા મિત્રના ખાસ મિત્ર હતા) પણ તેમની દવાથી પપ્પાનું ડાયાબીટીઝ કંટ્રોલ નહોતું થતું ! એટલે મારા અમદાવાદમાં રહેતા એક મિત્ર એ સલાહ આપી કે અહીની ખ્યાતનામ મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલમાં એકડાયાબીટીઝના નિષ્ણાત છે તું ત્યાં બતાવી દે એટલે અમે અમદાવાદ સારવાર શરૂ કરી અને પપ્પા ને આ ડોકટરની સારવાર થી ડાયાબીટીઝ એકદમ કંટ્રોલ માં રહે છે.



મારા મિત્ર એ એ ડોકટરના વખાણ કરવાના શરૂ કર્યા મને કહે અમે સવારે ૧૦વાગ્યે પહોચી જાઈએ તો છેક સાંજ સુધી પપ્પાની તપાસ થાય, મને આશ્ચર્ય થયું કે ખાલી ડાયાબીટીઝની સારવાર માટે આખો દીવસ તપાસ કરવામાં આવે એવી શું તપાસ કરતાં હશે ? મને આખી વાતમાં બરાબર રસ પાડયો મેં કહ્યું તમે હોસ્પીટલ પહોંચો પછી તપાસમાં શું કરે ? મને કહે પહેલા પહોચી કેસ લખાવી દેવાનો (જેની ફી બે હજાર) એટલે આપણને એક ટોકન આપે જે લઈને સૌ પ્રથમ લેબોરેટરીમાં જવાનું ત્યાં સેમ્પલ લઈ લે, ત્યારબાદ એક કલાકમાં રીપોટર્સ આવે, એટલે આખના નિષ્ણાત પાસે આંખ ચેક કરાવવાની, ત્યારબાદ ડાયેટીશયન પાસે જવાનું જે કયારે શું અને કેટલું ખાવાનું તેનું આપણને લીસ્ટ આપે અને તે મુજબ જ કરવાનું જો તેમાં ફેરફાર કરીએ તો બીજી વાર આપણી એપોઈમેંટ્સ કેન્સલ કરી નાખે, ત્યારબાદ કસરત નિષ્ણાત પાસે જવાનું જે જરૂરી કસરત શીખાવાડે અને રોજ તેની સાથે ઓનલાઈન કસરતમાં જોડાવવાનું, ત્યારબાદ મેડીકલ ઓફીસર પાસે જવાનું તે બ્લડપ્રેશર, વજન, બી.એમ.આઈ. ચેક કરે અને છેક સાંજે મુખ્ય ડોકટર પાસે વારો આવે તે બધા



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

રીપોટ્ર્સને બધુ જોઈ અને જે દવા ચાલુ હોય તેમાં જરૂર લાગે તો ફેરફાર કરી ત્રણ મહીનાની દવા લખી આપે, આ ડોકટરની દવા થી બધા ડાયાબીટીઝના દર્દીને સારૂં જ રહે છે, મે મારા મિત્ર ને પુછયું કે તમે અમરેલી દવા લેતા હતા ત્યારે અંકલ બધી પરેજી પાળતા હતા ? મને કહે બહુ પરેજી નહોતા રાખતા પપ્પા ખાવાના શોખીન છે એટલે અમે બહુ નહોતા કહેતા અને અમરેલીના ડોકટર પણ મારા મિત્ર છે એટલે એ પણ પાપાને પરેજી બાબતે બહુ કડકાઈ થી નહોતા કહેતા.

મર્મ સ્થાન : આ આખી ચર્ચા એટલા માટે કરી કે આપણે કોઈપણ રોગમાં સારવાર બાબતે જે પરેજી પાળવી જોઈએ એ નથી પાળતા અને ફકત દવાથી આપણો રોગ સારો રહેશે એવું માનીએ છીએ, ડાયાબીટીઝ, હાઈપર ટેન્શન, ઓબેસીટી, કોલેસ્ટેરોલ આ બધા તો લાઈફ સ્ટાઈલ ડીસીઝ છે, મતલબ કે તમારી ખોટી ખાવા–પીવાની આદતો ને કારણે જ થયા છે અને એને જો કંટ્રોલ કરવા હશે તો દવા સાથે પરેજી ખુબજ અગત્યની છે નહી તો ગમે તેટલી દવા લેવા છતાં પણ રોગ કંટ્રોલમાં નહી રહે.

મિત્ર ના પપ્પા ને અમરેલી ના ડોકટરે જે દવા આપી હતી તે જ દવા અમદાવાદ ના ડોકટરે આપી હતી, મને તો એવું લાગ્યું કે અમરેલી ના ડોકટરે તો વધુ સારી કંપની ની દવા આપી હતી અને જરૂર પૂરતી ફકત ચાર જાતની જ દવા આપી હતી, જયારે અમદાવાદના ડોકટરે જરૂરી દવા ઉપરાત કેલ્શીયમની, વિટામીનની એસીડીટી આવી વધારાની દવાઓ આપી હતી જે મને આ રોગ માટે બહુ જરૂર નો લાગી, મિત્ર ના પપ્પા ને અમદાવાદ ના ડોકટરની દવાથી રોગ કંટ્રોલમાં હતો તેવું મને નો લાગ્યું પણ ફરજીયાત ખાવા –પીવા ની જે પરેજી અને નિયમીત કસરત કરાવતા હતા તેનાથી તેનો રોગ કંટ્રોલ માં હતો, અમરેલી ના ડોકટર તેને આ ભારપૂર્વક નહોતા કહેતા એટલે દવા લેવા છતાંય રોગ કાબૂમાં નહોતો આવતો.

આજ ની ચર્ચાનો મુખ્ય મુદ્દો એ છે કે મિત્રના પપ્પાને ફકત ચાર જાતની દવાની જ જરૂર છે તો સોળ પ્રકારની દવા શું કામ લેવી ?

મને એવું લાગ્યું કે અમદાવાદના ડોકટર એ આટલી બધી દવાઓ એટલા માટે લખી હશે કે જો અમરેલીના ડોકટર જેટલી જ દવા આપશે તો દર્દીને બહુ વિશ્વાસ નહી આવે, વધારે દવા લખવાથી દર્દી રોગની ગંભીરતા સમજી બધી પરેજી અને દવાઓ સમયસર લે આ કારણથી આટલી બધી દવાઓ લખતા હશે તેવું મને લાગ્યું.

દર્દીનું પણ એવું જ છે જો ઓછી દવા લખે તો એને બહુ ડોકટર ઉપર વિશ્વાસ નો બેસે અને ડોકટર જેટલા મોંઘા એટલી સારવાર સારી આવું દર્દીઓ સમજતા હોય છે અંકલની એક દિવસની બતાવવાનો ખર્ચ બાર હજાર રૂપીયા થયો અને ત્રણ મહીનાની દવાના પંદર હજાર અમરેલીમાં આ ખર્ચ ડોકટરની ફી અને દવા સાથે કુલ તેને ૬ હજાર થતો હતો (મારો મિત્ર આ ડોકટર વિશે એવું કહેતો હતો એ ડોકટર એટલા હોશીયાર છે કે ને બતાવાવા તો ત્રણ મહીના પહેલા એપોઈમેંટ લેવી પડે). આવું જ આજકાલ ડેન્ગ્યુ, ચીકન ગુનીયામાં મે જોયું હાલમાં અમરેલી જીલ્લામાં આ બંને રોગ ના કેસો બહુ છે મે જોયું કે ઘણા ડોકટરો જરૂર નથી તેવી દવાઓ આ બંને રોગમાં ખૂબ લખે છે, મે મારા પુત્ર ડો.મીત (એમ.ડી. સેકન્ડ યર સીવીલ હોસ્પીટલ –અમદાવાદ)ને પુછયું કે તમે ડેન્ગ્યુ –ચીકનગુનીયામાં શું સારવાર આપો છે ? મને કહે પપ્પા અમે ખાલી પેરાસીટામોલ જ આપીએ છીએ અને ખૂબ પાણી પીવાનું કહીએ છીએ..

મર્મ બિંદુ : એ ડોકટરની એટલી સારી પ્રેકટીસ ચાલતી હતી કે ઘણા દર્દીને તે એવું કહી દે છે કે તમારે કોઈ દવાની જરૂર નથી..(**ક્રમશઃ**)

## રામ સુમાય ચલે ગુરૂપાહી, સિય સનેહ બરણત મનમાહી ।

સદાય રહેતો. સ્થળ બરાબર યાદ નથી પરંતુ એકવાર કોઈ જગ્યા ભગવાને મને બોલાવેલી. ગાડી મોડી રાત્રે પહોંચતી હોવાથી બાપુજી ભગવાન પાસે મોકલી નહી. થોડા સમય બાદ ભગવાન જયપુર પધાર્યા. આવવાના કારણ બાબત પૂછપરછ કરી બોલ્યા, ''અચ્છા પુરૂષોત્તમભાઈ અભી ભી તુમ ઈસે અકેલી સમજતે હો ? યહ કભી ભી અકેલી નહીં હૈ ઈસકો કભી ભી કહીં ભી આને દેના મૈં સદૈવ ઈસકે સાથ હું'' ત્યાર પછી બાપુજી કદી રોકતા નહીં. હું પણ ઘરમાં અકેલી અંધારામાં એક રૂમમાંથી બીજા રૂમમાં જતા ડરતી તે હવે પ્રભુબળથી ગમે તે સમયે ગમે ત્યાં તેમનો સાથ હોવાથી પહોંચી જતી. ભયનું નામનિશાન હવે જાણે જીવનમાં રહયું નહી. આજે પણ પ્રભુનો સાથ હોવાના કારણે એજ રીતે ફરી રહી છું. આજે પણ ઘણા લોકો પૂછે છે બહેન તમે બધી જગ્યાએ ભરોસાથી અભય છું કે હું એકલી નથી. એક સમયે ભગવાને આપેલ અભય વચન, ''મૈં સદા તુમ્હારે સાથ હું. મેરે સાથ રહતે હુએ કિસીકી તાકત નહીં કિ તુમ્હારા બાલ બાંકા કરે સકે''ના બળથી હવે જવા માટે કોઈ જાતનો વિચાર કે રાત દિવસનો ડર રહેતો નથી. સાન્નિધ્યની પ્રતીતિ કરાવતા રહે છે. મન અબ તોહે ચિંતા કાહેકી, તેરે સિર પર ગુરૂમહારાજ...

મહિલાઓના ડબ્બામાં મુસાફરી કરતા બહેનો પોતાના સ્વભાવ પ્રમાણે અનેક પ્રશ્નો પૂછતા. પહેલા તો સત્ય વાત કરતી તો ખુબ જ વિચિત્ર પ્રશ્ન પૂછાતા કે જવાબ આપવો મુશ્કેલ બની જતો કારણ સાધક જીવનને સમજી શકવાની ક્ષમતા ન હોય તેથી તેમના પ્રશ્નોના હા ના માં ઉત્તર આપતી. સસુરાલ જા રહી હો ? શાદી હુએ કિતને સાલ હુએ ? વિગેરે પ્રશ્નોના જવાબ આપી કંટાળતી ત્યારે મૌન રાખવાનું નકકી કર્યુ તો બહેનો વાતો કરતા, લડકી દેખને મેં તો સુંદર હૈ પર બિચારી ગૂંગી હે. આમ નિત્ય જુદા જુદા અનુભવો થતા.

ગોંદિયામાં ભગવાનના નિવાસસ્થાનથી અમારો ઉતારો કેમ્પમાં થોડે દૂર હતો. પ્રથમવાર નિયમિતપણે માઈનોર વોર્ડમાં મેં બરાબર સમયસર સેવા બજાવવાનું સ્વીકારેલું. સવારથી રાત સુધી વોર્ડમાં જ સમય પસાર થતો. કાર્યમાં આનંદ આવતો. દર્દીઓની પથારી વિગેરેનું ધ્યાન રાખવું, ઠંડીમાં સરખું ઓઢાડવું, તે લોકોને હાજતે જવું હોય ત્યારે સંભાળીને જમાદાર બહેનને સોંપવાનું તેમજ કયારેક જરૂર પડતા સાથે જવાનું રહેતુ. રજીસ્ટર બનાવવાનું તેમજ તેમના સાથીઓને મેળવી આપવાનું કામ પણ સારા પ્રમાણમાં ચાલતુ. માઈનોર વોર્ડ હોવાથી બે ત્રણ દિવસે નવા દર્દીઓ આવતા જતા રહે તેની હેરફેરમાં પણ તેટલો જ સમય જતો. દર્દીઓને દવા આપવાનીજવાબદારી હું સ્વીકારતી નહીં કારણ દવાથી બિલ્કુલ અજાણ હતી.


ભગવાન પાસે કયારેક કોઈ ભારે ચીજ ઉઠાવવાની હોય અથવા ઉંચાઈ પર મૂકવાની કે ઉતારવાની હોય ત્યારે કહેતા, ''કહાં ગઈ રમા, ઉસ પહાડી કો બુલાવ વહ ઉઠા લેવી.'' તે વખતે વધારે પ્રમાણમાં શ્રમ કે ઉજાગરો કરવા છતાં પ્રભુકૃપાથી થાક લાગતો નહીં.''

ભગવાનને પણ પોતાની એક દર્દી તરીકેની ભૂમિકા ભજવવામાં સેવકો પોતાના ભાવ પ્રમાણે દવાઓ આપતા હું જોતી. ખાસ તો મારા ભાગમાં આવી સેવાનો અવસર આવ્યો જ નથી. પણ જયારે બે ચાર વાર હું ભગવાન સાથે એકાંતમાં રહી તેટલા દિવસ ન તો દવા લેતા ન તબિયત બગાડતા ભગવાન સ્વયં એક વાર બોલેલા પણ ખરા કે,

''કફદાની ઔર કાનખુતરની
સૌંફ સુવા ઔર લૌંગ
પેપ્સ મલ્હમ ઔર તેલ દેખકર
બના ભયો હૈ મૌન.''

આ શબ્દો પરથી જણાય છે કે જે વ્યકિત પોતાના ભાવ પ્રમાણે સેવા કરે તે ભગવાન મૌન રહીને સ્વીકારતા. બાકી તેમના માટે આ કોઈ વસ્તુની જરૂર રહેતી નહીં.

**અહૈતુક કૃપા**



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



ચિદાનંદમય દેહ તુમ્હારી, વિગત વિકાર જાન અધિકારી સો જાને જેહિ જુનાઈ....

(૪૩)

**કરહિં કૃપાનિધિ**

**સોઈ સંયોગા**

નેત્રયજ્ઞ પૂરો થયા બાદ નાગપુર થઈને હું જયપુર આવી. નેત્ર યજ્ઞમાં આફ્રિકાથી ઉષાબેન આવેલા. અમે સાથે કામ કરતા હોવાથી મારા ભગવાનના દર્શનાથે જ રાજકોટ આવેલા ભગવાન કયાં બિરાજે છે. તે કોઈને ખબર નહોતી તેથી તેઓ રાજકોટ, મુંબઈ તપાસ કરી પુષ્કર આવેલા. ત્યાંથી પણ ખબર ન મળતા જયપુર આવ્યા. જો કે મને પણ પાકા ખબર હતા નહી. પરંતુ જયારે મને કાંઈપણ ખબર ન હોઈ

ત્યારે હું અનંતપુર પત્ર લખતી. કારણ અનંતપુરમાં ભગવાનના એક એક દિવસના પ્રોગ્રામના બરાબર ખબર રહેતા. કોઈવાર ભગવાનની આજ્ઞા ન હોવાથી તે લોકો ખબર ન આપતા તે વાત જુદી હતી. ઉષાબેન અનંતપુર જવા જણાવ્યું. તેઓને તાત્કાલિક આફ્રિકા હોવાથી દર્શન માટે ખુબ જ આતુર હતા. તેઓએ મને સાથે આવવા આગ્રહ કર્યો. આજ્ઞા વિના જતાં ડરતી હોવાથી મેં ના કહી. પરંતુ તેઓ અજાણ્યા હોવાથી અંતે મારે સાથ આપવો પડયો. ભગવાન નારાજ થશે તો ? તે ડર હતો.

હું, ઉષાબેન, ભાભી અને તેમની નાની બેબી સાથે હતી. અનંતપુર જવા રવાના થયા. ઘરથી નીચે ઉતરતા જ સુંદર શુકન મળ્યા વાછરડું ગાયનું દૂધ પીતું હતુ. શ્રીમાનસજીમાં બતાવેલ શુકનનું દર્શન થયું.

સુરભિ સન્મુખ શિશુહિ પિયાવા....

મોરેજિય ભરોસ દ્રઢ સોઈ, મિલિહહિં રામ સગુન શુભ હોઈ.

આ જોઈ ન પ્રસન્ન બન્યુ અને વિશ્વાસ થયો ચોકકસ ભગવાનના દર્શન થશે. ઘણીવાર ગુરૂવારે ગલતાજીમાં નોળિયાના દર્શન થતા ત્યારે પણ માનસજીના શુકન યાદ આવતા,

નકુલ દરશ સબ કાહુ પાવા માનસજીના આધારે બહેનો માટે ડાબુ અંગ ફરકવાનું શુકન મનાય છે તે પ્રમાણે ડાબી આંખ કે ભૂજા ફરકતા ઘણીવાર ભગવત દર્શનનો લાભ મળ્યો છે. પરિણામે કોઈવાર ભગવાન પધારતા તો કોઈવાર મને પાસે બોલાવતા. રસ્તામાં ભગવત ગુણગાન કરતા કરતા અમે કોટા, ગુના થઈને ત્રીજા દિવસે બપોરે અનંતપુર પહોંચ્યા. જતાંની સાથે ભગવાનના દર્શન મળ્યા. પહેલા તો ડરના કારણે હું ન ગઈ. ભગવાને ઉષાબેનને પૂછયું. ''કૌન કૌન આયા હે ?'' તેમણે મારું નામ આપતા ભગવાને પૂછયું, ''રમા કહાં હૈ ?'' પછી તો હું પણ દર્શને ગઈ. ભગવાન અીત પ્રસન્ન હતા. એક દિવસ ત્યાં રોકાઈને જયપુર પાછા આવ્યા.

અધિક માસ હોવાથી હું બે બહેનો સાથે ચિત્રકુટ જવા રવાના થઈ. ભગવાન રામનવમી પર ચિત્રકુટ પધારવાના હતા. પરંતુ અધિક માસ ચિત્રકુટમાં કરવાની ઈચ્છાથી હું વહેલી ગયેલી. ચિત્રકુટ પહોંચતાની સાથે આશ્ચર્ય થયું કે ભગવાન તે દિવસની પહેલી રાત્રે જ ત્યાં પધારેલા હું પહોંચી તેજ સમયે પુષ્કર જવા નીકળવાના હતા. મને કહયું, અબ હીં રૂકો મૈં થોડે દિનોમેં વાપિસ આ રહા હું.'' મારે અધિકમાસના ઉપવાસ હોવાથી માત્ર દૂધ, કેળા જ લેતી. પરંતુ તે ત્યાં મળવા અસંભવિત હોવાથી વાડીમાં થતા પાકા ટમેટા લઈને એક મહિનો ઉપવાસ કરેલા. નાગપુરથી ધીરૂભાઈ પણ આવેલા. તેમની સાથે રોજ વહેલી સવારે શ્રી કામદગિરિ પરિક્રમ કરવા જતી. લગભગ દસ બાર દિવસમાં ભગાવન પધાર્યા. શ્રી રામનવમી તેમજ શ્રી હનુમાન જયંતિનો ઉત્સવ ભગવત સાન્નિધ્યમાં ઉજવીને હું જયપુર પાછી આવી અને ભગવાન મુંબઈ પધાર્યા.

હું ભગવાનના આદેશ પ્રમાણે મે મહિનામાં પુષ્કર ગઈ. ભગવાન મુંબઈથી જોધપુર એક લગ્ન પ્રસંગ પતાવી પુષ્કર પધાર્યા. તે દિવસોમાં આજે સ્થિત રામધામ છે, તે ભૂમિ લેવાની વાતચીત થતી હતી. ભગવાને કહયું, ''રમા જાવ, દેખકર આવ. ગાંધી આશ્રમ કે સામને કી જમીન તુમ્હારે રહનેકે લિયે લેનેકી હૈ.'' આ બાબત કાંઈ ખબર તો પડતી નહીં, પરંતુ આજ્ઞાને માન આપી જોઈ આવી. થોડા દિવસ ભગવાન ત્યાં રોકાયા. તે સમય દરમ્યાન તે જમીન લેવાની વાત પાકી થઈ જતા ભગાવને કહયું, ''અચ્છા અબ યહાં સે જયપુર જાકર પતિત પાવનજી ભગવાન કે ચરણો મેં ઈસકા નામ રખુંગા.''


**(ક્રમશઃ)**

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**કઠોપનિષદ વિશે થોડું વિશેષ સાર્થક જીવનનું રહસ્ય.**
**(અમૃતનો માર્ગ)**

જીવન એક ચમત્કાર છે. અદ્ભૂત શરીર રચના છે. આપણું મન–આત્મા–શરીરને સમજવા પ્રયન્ત કરવો પડે છે. આપણી ઈન્દ્રીયોને સુખ માટે જે પ્રયત્નો કરીએ છીએ તે સુખ થોડીવાર પુરતુ હોય છે. જીવન અને મૃત્યુને રહસ્ય કહેવાવાળા તત્વને કઠોપનિષદમાં વર્ણવેલો વિષય છે. ઉપનિષદનો અર્થ બીજી રીતે કહીએ તો જીવનનું ગુઢ જ્ઞાન. આ જ્ઞાન એક વ્યાપક જીવનના પરમ સત્યને જાણવા યમદેવ સુધી પહોંચી જાય છે. મહર્ષિ વાજશ્રવા વિશ્વજિત યજ્ઞમાં પ્રિય વસ્તુઓદાનમાં આપતા હતા. પુત્રની નજરે આ બધુ જોતા તેમને લાગ્યું કે પુત્ર હોવાના કારણે પિતાની સંપત્તિમાં ગણાવું છું તેથી તેમણે પિતાને કહયું મને તમે કોને દાનમાં આપો છો ? પુત્રના આવા પ્રશ્નથી પિતા ઉશ્કેરાઈ જઈ કહયું કે 'હું તને મૃત્યુને આપું છું. ગુસ્સામાં કહેલા આ શબ્દોથી શબ્દો સત્ય બની ગયા. શાપને લીધે બાળકનો આત્મા યમના ઘરે પહોંચી ગયો અને યમદેવ સાથે વાર્તાલાપ થયો.

યમદેવના આપેલા વરદાનોમાં સુખનું પ્રલોભન, લાંબુ આયુષ્ય, ઐશ્વર્ય, ધન–સંપત્તિ ત્રણે લોકનું સ્વામીત્વ પરંતુ સત્ય જાણવા માટે નચિકેતાએ આ દરેક વાતનો અસ્વીકાર કર્યો. નચિકેતાનો મત હતો કે સાંસારિક સુખો ભોગવવા કર્મ કરતા જાય છે. મુળભુત સ્વાર્થ રહયો છે. આ સુખ ક્ષદાયી, આદી અને અંત સાથે છે. કર્મનો પણ આદી અને અંત છે. આપણી લાલસા સંસારના ક્ષીણક સુખથી કયારેય તૃપ્ત થતી નથી. આપણા અંતરમાં કોઈક એવું પણ રહસ્ય છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે. અનિત્યમ સુખં લોકમ્ (ગીતા : ૯–૩૩) સંસાર પ્રતિક્ષણે પરિવર્તનશીલ છે. આપણે કશું જ જાણતા નથી. ઉપનિષદ વસ્તુસ્થિતિના મર્મ સુધી લઈ જાય છે. આપણી વિવેકબુધ્ધિ ઉપર આપણે અર્થ કરવાનો છે. આપણે આ જ્ઞાન દ્વારા આશ્વાસન



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

લેવાનો, આશ્વાસન આપવાનો પ્રયત્ન કરવાનો છે.

મૃત્યુ પછી આત્માનું શું થાય છે. તે યમરાજાએ નચિકેતાને સમજાવ્યું છે. માનવ મન બે દિશા તરફ જાય છે. પ્રેય અને શ્રેય બન્ને મેળવી શકાય છે. અમૃત અને ઝેર બન્ને આપણી પાસે છે. સત્યને શોધવા વાળો પરમ સત્યને પસંદ કરે છે. સત્ય સોનાના પાત્રથી ઢ'કાયેલું છે. બ્રાહ્ય ભ્રામક છે નચિકેતાનો પ્રયત્ન જીવનને સાર્થક બનાવવા સત્ય શોધવાનો છે. સંસારની વસ્તુઓ નાશવંત છે. નચિકેતા ઉત્તમ કક્ષાનો જીજ્ઞાસુ છે. યમ તેમને ''ચુપ થઈજા કંઈ પૂછો નહી.'' તેમ કહે છે. અધ્યાત્મનો રસ્તો તલવારની ધાર જેવો છે. ''ક્ષુરસ્ય ધારા'' જ્ઞાનની ઉપાસના માટે નમ્રતા લેવી જોઈએ. જે ક્ષણે આપણે લાલચને તજીએ છીએ. ત્યારે આપણી વિવેકબુધ્ધિ ઉદય પામે છે. સંસારમાં જેવો વ્યવહાર તમે કરશો તેવો જ વ્યવહાર તમારી સાથે થશે.નચિકેતાને આત્માનું શું થાય છે. તેનો ઉત્તર મેળવવાનું છોડી દે. યમદેવ વિનંતી કરે છે આનો જવાબ મેળવવાની હદ છોડી દે.

''આત્માનું અસ્તિત્વ છે કે નહિં, છે તો કઈ વસ્તુ છે ? આત્માથી તમારો શું હેતુ છે ? (કઠ–૧–૧–૨૦)

આત્મા શું છે. વાસ્તવિક રીતે કઠોપનિષદમાં આ પ્રશ્નનો સુસ્પષ્ટ જવાબ કોઈપણ રીતે મળતો નથી. યમરાજા ફેરવી ફેરવીને ઉપદેશ ઉપર ઉપદેશ આપતા જાય છે. નચિકેતાના ત્રીજા પ્રશ્નના સંબંધમાં સ્પષ્ટતા કંઈ પણ કરતા નથી. ઉપનિષદના મંત્રોને ધ્યાનપૂર્વક વાંચીશું તો જાણવા મળે છે તે રહસ્ય, મંત્રોની પંકિતઓમાં છુપાયેલું છે. આ પ્રશ્નનો જવાબ બૃહદારણ્યક અને છાન્દોગ્યોં પનિષદમાં જોવા મળે છે. પરંતુ નચિકેતાને પોતાના પ્રશ્નનો જવાબ જ જોઈએ છે.

''નાન્ય વરં નચિકેતા વૃણીતે'' (કઠો–૧–૧૨૯)

હવે યમરાજાને લાગે છે કે નચિકેતાને બીજા કોઈ ઉપરથી સંતોષ થશે નહિ. યમરાજા તેને કહેવામાં આનાકાની કરે છે.

''નાયત્મા પ્રવચેન ભમ્યો
ન મેઘયા ન બહુના શ્રતેન. (કઠો. ૧–૨૨૩)આ ગૂઢ જ્ઞાનને પ્રવચનથી, બુધ્ધિથી, ખુબ પ્રવચનો સાંભળવાથી આ જ્ઞાનના તત્વ સુધી પહોંચી શકાતુ નથી. આ જ્ઞાન નિરપેક્ષ જ્ઞાન છે. સાપેજ્ઞ ભાષામાં વાત કરી શકાય નહિ. ઉતિષલ જાગ્રત પ્રાપ્ત વરનિબોધત' (કઠો.૧/૩૧૧) જાગૃત થાઓ જ્ઞાન મેળવવા આત્મ સમર્પણ કરીને આ ''તત્વજ્ઞાનને જાણો મેળવો. **(અપૂર્ણ)**

# ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ–૧૪૫**

**'જીવન મે પિયા તેરા સાથ રહે.. હાથો.. તેરે મેરા હાથ રહે... 'તેરે સૂર એર મેરે ગીત.. દોનો મિલકર બનેગી પ્રીત**





પ્રિય વાચક મિત્રો,

વિજયા દસમી અને શરદ પુર્ણિમા ની હાર્દિક શુભ કામનાઓ સાથે, ૧૯૫૯ ના વર્ષ ના ફિલ્મી સફર માં આપણે રાજેન્દ્ર કુમારની સફળ ફિલ્મોની વાત કરી રહ્યા છીએ, રાજેન્દ્ર કુમાર ૧૯૫૯ માં સૌથી સફળ કલાકારરૂપે બહાર આવ્યા, અને તેમની ત્રણ ફિલ્મો ટોપ ટેન માં સમાવિષ્ટ થઈ, રાજેન્દ્ર કુમાર માટે 'ગુંજ ઉઠી શહેનાઈ' એ જેક પોટ સાબિત થઈ, અને તેઓ એક ઉમદા સફળ કલાકારની શ્રેણી માં આવી ગયા, જો કે આ ફિલ્મ માં તે સમય ની સફળ અભિનેત્રીઓ ના હતી, અમિતા જેનું સાચું નામ, કમર સુલ્તાના છે, તેણે ગત વર્ષે શમ્મી કપૂર સાથે ' તુમસા નહીં દેખા' જેવી સુપર હિટ ફિલ્મ આપી હતી, અને આ વર્ષે પણ સુપર હિટ ફિલ્મ તેમના ફાળે ગઈ હતી. પણ આગામી સમય માં તેઓ વધુ સફળ થઈ શકયા નહીં, તેમના ફાળે ૧૯૬૩ માં રાજેન્દ્ર કુમાર સાથે ફરી એક સુપર હિટ ફિલ્મ આવશે. તેઓ એ નિર્દેશક કામરાન સાથે લગ્ન કર્યા અને તેમની પુત્રી સાબિયા પણ અભિનેત્રી તરીખે વધુ સફળ થઈ ના હતી, જેની વાત આગળ કરીશું. તો અન્ય અભિનેત્રી અનીતા ગુહા આગળ જતાં ધાર્મિક ફિલ્મો તરફ જતાં રહ્યા, જેમાં જય સંતોષી માતા ફિલ્મ થી વધુ પ્રચલિત થયા, જેની વાત આગળ કરીશું.

**ગુંજ ઉઠી શહેનાઈ –** વિજય ભટ્ટના નિર્દેશન અને નિર્માણ માં, ભરત વ્યાસના ગીત અને વસંત દેસાઈના મધુર સંગીત સાથે, લતાજી રફી સાહેબ, ગીતા દતના સ્વર અને ખાસ ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન ની શરણાઈ આ ફિલ્મ નું જમા પાસું રહ્યું, ફિલ્મ માં શરણાઈ ના સૂરો બિસ્મિલ્લાહ ખાન સાહેબે ગુંજવ્યા છે. તેવી આ ફિલ્મ માં રાજેન્દ્રકુમાર, અમિતા, અનીતા ગુહા, આઈ એસ જોહર, ઉલહાસ, લીલા મિશ્રા, મનમોહન કૃષ્ણા, પ્રતાપ કુમાર એ અભિનય ના કામણ કરેલ છે, આ ફિલ્મ ના ગીતો શાસ્ત્રીય રાગો પર આધારિત રહ્યા છે, ૧૯૯૦ ના દસક સુધી કોઈપણ લગ્ન હોય અને વરઘોડો નીકળે એટલે, 'જીવન મે પિયા તેરા સાથ રહે.. ગીત બેન્ડ વાઝા પર વગાડવું એક માત્ર વિકલ્પ થઈ ગયો હતો. આ ફિલ્મ ૧૯૫૯ના વર્ષ ની પાંચવા નંબર ની સફળ ફિલ્મ સાબિત થઈ હતી. આઈ એસ જોહરને અહી એક સારૂં પણ ખલનાયક ના રૂપ માં પાત્ર મળ્યું છે, જે તેમની ફિલ્મી સફર આગળ ચલાવવા માં કામ માં આવ્યું છે. આ ફિલ્મ ની કથા સંગીત ના સૂરો સાથે માણીએ.

ઉલહાસ એક સંગીત ઉસ્તાદ છે, તેની પાસે નાનો બાળક કિસન જે અનાથ છે, તે આવે છે, તેને શહેનાઈ ના સૂરો ફેલાવતા જોઈ તે અનાથ બાળક ને ઉલહાસ તેની પુત્રી રાની ની જેમ જ ઉછેરે છે, કિસન ની શેહનાઈ પર ગામ ની બાલિકા ગોપી દિવાની છે, સમય જતાં કિસન એટલે કે રાજેન્દ્ર અને ગોપી એટલે કે અમિતા યુવાન થાય છે, અને પ્રેમ ગ્રંથિ થી જોડાઈ જાય છે, પણ અમિતા ની માતા લીલા ને આ સંબંધ પસંદ નથી કારણ કે રાજેન્દ્ર એક અનાથ યુવાન છે. રાજેન્દ્ર ને સાચા હૃદય થી રાની એટલે કે અનીતા ચાહે છે, પણ રાજેન્દ્ર ને તે ખબર નથી. રાજેન્દ્ર અને અમિતા નદી કિનારે અચૂક મળે છે, અને રાજેન્દ્ર ના સૂર અને અમિતા ના ગીત પ્રેમ ની ઊંચાઈ એ પહોચે છે, 'તેરે સૂર ઔર મેરે ગીત દોનો મિલકર બનેગી પ્રીત' એ ગીત માં લતાજી 'પ્રીત' શબ્દ એ રીતે બોલે છે, જાણે નવયેવન જાગી રહ્યું છે, સવાર ના કુમળા સુરજ ની કિરણો થી પુષ્પ ખીલી રહ્યું છે, આ ગીત રાગ 'બિહાગ' પર આધારિત છે, તેવું ચિત્ર રાજેન્દ્ર અને અમિતાના બચપણ ના પ્રેમ ને યુવાન થતાં ની સંવેદનાઓ ની અનુભૂતિ થાય છે. રાજેન્દ્ર અને અમિતાનો પ્રેમ ટપાલી આઈએસ જોહર ને પસંદ નથી, તે બંને ઘર ના વડીલો ને આ સંબંધો ની જાણ કરે છે, તેની જાણ અનીતા ને પણ થાય છે, જાણે આભ તૂટી પડયું હોય તેવું દુખ નો અનુભવ તે કરે છે, પણ સાચો પ્રેમ ત્યાગ ની ભાવના માં છે. તેવું નક્કી કરે છે. અમિતા ની સહેલીઓ ને અમિતા અને રાજેન્દ્ર ના પ્રેમ ની જાણ થાય છે, "અખિયા ભૂલ હૈ સોના.. દિલ પે હુવા હૈ જાદુ ટોના.. શહેનાઈ વાલે તેરી શહેનાઈ, કર્જવા કો ચીર ચીર ગઈ' જે લતાજી અને ગીતા દતના સ્વરમાં અલ્લડ અદાના ગીતો પૈકી યાદગાર છે, ધીમે ધીમે પૂરા ગામમાં બન્ને ના પ્રેમ ની ચર્ચા થવા લાગે છે, પણ અમિતાને તેના ઘર ના વડીલો ના બંધન આવી જાય છે, પણ પ્રેમીઓ વિરહ ના સુરે પણ મળે છે, 'તેરી શહેનાઈ બોલે, સુન કે દિલ મેરા ડોલે, ઝૂલમી કહે કો સુનાએ એસી તાન રે.. બાદલ ઘીર ઘીર આયે.. પાપી પાપીહરા ગાયે.. કેસે બસ મે રહે મેરી જાન રે ...'રફી સાહેબ અને લતાજીના સ્વરમાં લોકપ્રિય છે.




રાજેન્દ્ર અને અમિતા ના પ્રેમ ની સાથે, અનીતા ના પિતા ઉલહાસ રાજેન્દ્ર પાસે ગુરૂ દક્ષિણામાં રાજેન્દ્ર અને અનીતા નો સાથ માંગવા માંગે છે, પણ લાચાર અનીતા તેના પિતા ને કશું કહી શકી નથી, આ તરફ બન્ને પ્રેમીઓ નફરતની નઝરો થી બચતા બચતા. જીવન સાથી બનવાના ના સપના જોઈ રહ્યા છે, 'જીવન મે પિયા તેરા સાથ રહે.. હાથો મે તેરે મેરા હાથ રહે.. આ ગીત રફી સાહેબ અને લતાજીના સ્વર માં રાગ ગારા પર બનાવવા માં આવ્યું છે, જે હંમેશા તાજગી ભર્યું જ લાગે છે. બન્ને પ્રેમી ને રાતે એકાંત માં મળતા ગામ લોકો જોઈ જાય છે, રાજેન્દ્ર ને ઉલહાસ તેના સપના તૂટવા થી ગામ છોડી જવા કહે છે, અમિતા ને તેના ઘર માં જ કેદ કરી લેવા માં આવે છે. રાજેન્દ્ર શહેર માં આવે છે, સાથે અનીતા પણ જોડાઈ જાય છે, અનીતા ના પિતા અને ગામ વાસી એવું સમજે છે કે બન્ને પ્રેમી ભાગી ગયા, પણ વાસ્તવિકતા એ છે કે પ્રેમ માં અનીતા એક પ્રેમિકા નું રૂપ બદલી એક માયાળું સ્ત્રી જે બહેન કે માતા ના પ્રેમ રૂપી સ્નેહ વરસાવે છે તેવી અકલ્પ્ય મુર્તિ બની જાય છે, બન્ને સાથે ગામ છોડી ગયા છે, તેની જાણ અમિતાને થતાં તે દુખી વ્યાકુળ થઈ રડી પડે છે, ' દિલ ક ખીલોના હાએ.. ટૂટ ગયા.. કોઈ લૂટેરા આકે લૂટ ગયા.. આ ગીત લતાજીના દર્દ ભર્યા ગીતો ના સમૂહમાં સામિલ છે. જે રાગ ભૈરવી પર આધારિત છે. રાજેન્દ્ર શહેર માં આવી પ્રતાપ કુમાર ને મળે છે, જે એક સંગીત સંસ્થા ચલાવે છે, રાજેન્દ્ર તેની શહેનાઈ ના સૂરો થી પૂરા ભારત માં પ્રચલિત થઈ જાય છે, સાથે ધન અને સન્માન મળે છે, આ કાર્ય માં અનીતા તેની હમરાહ છે.

રાજેન્દ્ર હવે અમીર બની ચૂકયો છે, તે હવે અમિતા પાસે જવા માંગે છે, ત્યારે તેને સમચાર મળે છે કે તેને જેણે સંગીત ક્ષેત્રે સફળતા આપવી તે પ્રતાપ ના લગ્ન થવા જઈ રહ્યા છે, અને તેનું જ ગામ છે, તે ના પાડી શકતો નથી, તે ત્યાં જાય છે, પણ પ્રતાપ ના લગ્ન અમિતા સાથે થતાં જોઈ તેની શરણાઈ થી વિરહ ના સૂરો વહે છે, અમિતા તેના માતા અને મામા ની અવગણના ના કરી લગ્ન કરવા તૈયાર થાય છે, પણ રાજેન્દ્ર ની શરણાઈથી બેહોશ થઈ જાય છે, રાજેન્દ્ર તેના લગ્ન થઈ ગયા છે, તેમ માની એક શરાબી અને પાગલ જેવો થઈ જાય છે, ' કેહદો કોઈ ના કરે યહાં પ્યાર... ઈસ મેં ખુસિયા હૈ કમ, બેસુમાર હૈ ગમ એક હસી ઔર આંશું હઝાર... આ ગીત રફી સાહેબ ના યાદગાર ગીતો પૈકી નું દર્દીલું ગીત છે, જે રાગ જોગીયા પર આધારિત છે, રાજેન્દ્રની આ હાલત જોઈ અનીતા અમિતા ના મામા ને પત્ર લખે છે, અનીતા અને રાજેન્દ્ર ના પવિત્ર સંબંધો ની જાણ તે લોકો ને થાય છે, રાજેન્દ્ર ની શહેનઈ ના સૂરો થી અમિતા હોશ માં આવે છે, પણ રાજેન્દ્ર સાથે લગ્ન કરવા માંગતી નથી, કારણ કે તે બીજા સાથે લગ્ન કરી ચૂકી છે, એક દિવસ અમિતા તેના પતિ પ્રતાપ પાસે તેના મામા સાથે જઈ રહી છે, પણ ટ્રેન માં જ તે પોતા ની જીવ આપી દે છે, અને રાજેન્દ્ર અમિતા ના આત્મા સાથે ખાઈમાં પડી જાય છે, મૃત્યુ બાદ બન્ને પ્રેમીઓ અમર થઈ જાય છે, અનીતા જીવન ભર બન્ને ની સમાધિ બનાવી સાપ્રવી બની જાય છે.આ ફિલ્મ માં બે પ્રેમી નું મિલન થતું નથી, પ્રણય ત્રિકોણ પણ સામેલ છે, જે આગળ જતાં ઘણી હિન્દી ફિલ્મોમાં જોવા મળ શે, આવી દર્દ ભરી આ પ્રેમ કહાની દર્શકો ને ખુબજ પસંદ પડી હતી.

આગામી અંકમાં રાજેન્દ્ર અને ગુરૂદત સાથે મળીશું. આભાર.

# જૂનાગઢ નવાબ ખાનદાન સાથે સંબંધ ધરાવતી વીતેલા જમાનાની જાજરમાન અભિનેત્રી

## પરવીન બાબી જીવન સંધ્યાએ એક ગુમનામ જિંદગી...



૨૦ જાન્યુઆરી, ૨૦૦૫ના દિવસે પોતાના જ ફ્લેટમાંથી પરવીન બાબી મૃત અવસ્થામાં મળી આવી. એ ઘટના અત્યંત દુ:ખદ તેમજ અનેક પ્રશ્નો સર્જે તેવી હતી. એ વખતે પરવીન બાબી વિષેની ઓથેન્ટિક વિગતો અને હકીકતો જૂનાગઢના તેના કેટલાંક પરિચિતો તેમજ સગા વહાલાઓ પાસે થી મળી., એ વખતે રહસ્યમય સસ્પેન્સ થ્રીલર જેવી તેની જીંદગી હતી.

પરવીન–કબીરના લગ્ન થયેલાં કે કેમ, મહેશ ભટ્ટ સાથે શું થયું હતું વગેરે ના ખુલાસા પણ મેળવ્યા બલ્કે, વિચિત્ર સંજોગોમાં થયેલાં મૃત્યુ અને એ પહેલાંની વિગતો જાણવાની હતી.

સંબંધો હતા ત્યારે પરવીન બાબી પોતાની સાથે મહેશ ભટ્ટને પણ જૂનાગઢ લાવી હતી અને બન્નેને ફેરવનારી વ્યકિતએ એ વખતની ઘણી વાતો કહી હતી.

એ પણ જાણવા મળેલું કે મુંબઈના ફલેટમાં પરવીન બાબી બેઠી–બેઠી ઘણું બધું લખ્યાં કરતી હતી. પણ એ શું હતું ? એ વાત કયારેય બહાર ન આવી એ માહિતી પણ મળી હતી, પરંતુ પરવીન બાબીના અવસાનના સોળ વરસ પછી ૨૦૨૧માં અભિનેતા કબીર બેદીએ પોતે લખેલી બાયોગ્રાફી' સ્ટોરીસ આઈ મસ્ટ ટેલ (ધ ઈમોશનલ લાઈફ ઓફ એન એકટર) પ્રસિદ્ધ થઈ, તેમાં તેણે એક એવી વાતનો ઉલ્લેખ કર્યો છે કે, ચોંકી જવાય. પોતાના પુસ્તકમાં કબીર બેદીએ લખ્યું છે કે પરવીન બાબી તેને કે ડેની ડેંગ્ઝોપાને મળી એ પહેલાં જ તેના નિકાહ થઈ ગયા હતા !!!

ફિલ્મનામાં કોલમ વાંચનારા જાણે છે કે આ કોલમમાં ફિલ્મોને લગતી કપોળ કલ્પિત વાતો લખાતી નથી.

ગોસિપનો ઉલ્લેખ (જરૂરી હોય તો જ) પણ અહીં ગોસિપ તરીકે થાય છે એટલે પરવીન બાબીના નિકાહની વાતવાળો ઉલ્લેખ પણ ઠોસ તથ્યોના આધારે જ અહીં કરવામાં આવી રહ્યો છે.

પ્રોતિમા બેદીના પતિ કબીર બેદીના અતરંગ પરિચયમાં આવ્યા પછી પરવીન બાબી એટલી પઝેસિવ રહેતી કે કબીર બેદીને પ્રોતિમા બેદીના ઘેર રોકાવા દેતી નહોતી.

કબીર બેદી પરવીન બાબીના ઘેર જ રહેતો પણ કપડાં માટે, બાળકોને મળવા માટે એ જુહુના બીચહાઉસ કે જે કબીરે પૂજા બેદીના નામે કરેલું ત્યાં જતો પરંતુ પરવીનને એ પણ ખટકતું.

તું મને છોડી દઈશ – એ ડર બતાવી–બતાવીને પરવીન બાબીએ કબીર બેદીને છૂટાછેડા માટે તૈયાર કર્યો પણ કબીર બેદીએ લખ્યું છે તેમ, પ્રોતિમા સાથેના છૂટાછેડા તેમજ તે પૂર્વેની શરતો નક્કી કરવા માટે પરવીન બાબીનો સેક્રેટરી કમ મેનેજર વેદ શર્મા જતો પણ એ નહોતો ઈચ્છતો કે અમારા છૂટાછેડા થાય કારણકે ડિવોર્સ પછી (જો) હું અને પરવીન પરણી જઈએ તો તેની આવકનું સાધન રખડી પડે કારણકે સિત્તેરના દશકામાં પરણેલી હિરોઈનની બોલબાલા રહેતી નહોતી.

વેદ શર્માના ટોળ ટપાકાંમાં સમય વેડફાતો હતો પણ એ દરમિયાન કબીર બેદીનો સ્ટાર પાવર અને પરવીન બાબીનો મનોરોગ વધતો ગયો.

કબીરના કારણે જ પરવીને ઈટાલિયન ટીવી સિરિયલનો બીજો ભાગ સાઈન કરી લીધો હતો અને એ જ અરસામાં ભારતમાં અમર, અકબર, એન્થોની ફિલ્મ સુપરડુપર હિટ થઈ હતી.

હિન્દી ફિલ્મોમાં પરવીન બાબીની ડિમાન્ડ રાતોરાત વધી ગઈ. વેદ શર્મા તેને ભારત આવવાનો આગ્રહ કરતો રહ્યો પણ ટીવી સિરિયલ સાઈન કરી હોવાથી પરવીન બાબી ભારત આવી શકી નહોતી.

કદાચ, આ અકળામણે પરવીનની મનોદશા વધુ ડહોળી નાખી હોય એવું બની શકે એ જ અરસામાં એક રાતે પરવીન બાબીની મનોદશાએ વળી ઊથલો માર્યો, તેનો ડાયાલોગ સાથેનો ઉલ્લેખ કબીર બેદીએ પોતાની બાયોગ્રાફીમાં કર્યો છે.

કબીર બેદી એ રાતે પરવીન બાબીના અવસાદને પામી ચૂકયો હતો એટલે તેણે સામેથી વાત છેડી :

' જોજો (પરવીનનું કબીરે પાડેલું લાડકું નામ), તને ય ખબર છે અને હું ય જાણું છું કે તારી સાથે કંઈ થઈ રહ્યું છોત્યારે પરવીન ચિડાય અને કહેતી તને શું લાગે છે કે હું પાગલ છું ?

કબીર પરવીનને સમજાવે છે પણ તેનાથી અકળાઈને પરવીન તેનેચોપડાવે છે: તું જ મારી બિમારી છે,

'હું તારી બીમારી કેવી રીતે છું ? !'

'તું મને છોડી દઈશ !' પરવીને ચિલ્લાઈને કહ્યું : મને ખબર છે કે તું મને છોડી દઈશ.

કબીર બેદીએ પરવીનને પોતાના પ્રેમ દુહાઈ આપતાં કહ્યું કે, આપણે કોઈ સારા ડોકટરને મળ ીશું, જે બધું જ.

તું મને લગ્ન કરી લેવાનું કેમ નથી કહેતો ? અચાનક જ પરવીને વાત છેડી, જે સાંભળીને કબીર બેદી આશ્ચર્યચકિત થઈ ગયો કારણ કે આજ સુધી કબીર બેદી લગ્નનું કહેતો ત્યારે પરવીન બાબી ના પાડતી હતી. લગ્નનો ઈન્કાર કર્યા પછી એ કહેતી પણ ખરી કે તેના પરિવારે તેની શાદી કરાવી દીધી છે પણ શાદી પછી તેનો મંગેતર પાકિસ્તાન ચાલ્યો ગયો છે। પરવીન બાબીને એ ડર હતો કે હવે જો તે બીજી શાદી કરે તો કદાચ, તેનો પતિ પાછો આવે અને તેની કેરિયર તબાહ કરી નાખે.

આ વાત થઈ ત્યારે હજુ કબીર–પ્રોતિમાના છૂટાછેડા નહોતા થયા અને છૂટાછેડા થયા પછી પરવીન બાબી સાથે કબીર બેદીના સંબંધ પણ લાંબું ખેંચી શકયા નહોતા, પરંતુ શું ખરેખર પરવીન બાબીના નિકાહ થઈ ગયા હતા અને તેનો પતિ પાકિસ્તાનમાં હતો ?

કબીર બેદીએ આ વાત પછી ક્યારેય જાહેરમાં કહી નહીં કારણકે તેને લાગતું હતું કે આવી વાત કદાચ, પરવીને પોતાના સિવાય કોઈને કરી નહોતી. તેથીકબીર ચૂપ રહ્યો પણ બાયોગ્રાફી લખતાં પૂર્વ પરવીનના મૃત્યુના વરસો પછી તેણે નિર્માતા–દિગ્દર્શક મહેશ ભટ્ટ સાથે વાતની ખરાઈ કરવા અંગે પુચ્છા કરી.

કબીરે પૂછયું એટલે મહેશ ભટ્ટે કહ્યું કે, હા, તેણે મને એક પાસપોર્ટ સાઈઝનો ફોટો બતાવ્યો હતો. એ એક દૂબળો પાતળો પુરૂષ હતો !

મહેશ ભટ્ટ ૨૦૦૩માં લાહોર લિટરેચર ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે પાકિસ્તાન ગયા હતા ત્યારે પરવીન બાબી જીવિત હતી. એ વખતે પાકિસ્તાની અખબાર ' ડોન'ના સીઈઓ હમીદ હારૂને મહેશ ભટ્ટને કહ્યું હતું : એક માણસ તમને (અહીં લાહોરમાં) મળવા માગે છે.

તેનું કહેવું છે કે તે પરવીન બાબીનો પતિ છે... પણ ફેસ્ટિવલની વ્યસ્તતામાં મહેશ ભટ્ટ એ વ્યકિતને મળી શકયા નહીં અને વાત અધ્યાહાર જ રહી ગઈ. પરવીન બાબીના મૃત્યુની જેમ.

– પ્રતાપ ખુમાણ
સાવરકુંડલા

# સમજણ એ જ નારાયણ

**બે શબ્દ સાથે મુકતા ફફળી ઉઠું, ગ્રંથના ગ્રંજો છપાતા હોય છે"– રાજેન્દ્ર શુકલ**



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

ડીજીટલ પ્લેટફોર્મ ઉપર આજે અસંખ્ય રચનાઓ તરતી, ફરતી જોવા મળે છે. જ્ઞાન અને માહિતીનો વિસ્ફોટ થયો હોય એવા આ સમયમાં જાણે કે સર્જક થવાની હોડ જ લાગી છે. ત્યારે સર્જક થવાનાં પાયાનાં ગુણો કંઈક આવા છે.

૧) તમારે સર્જક થવું છે ? તો કયાં છે. તમારા જખમ ?

૨) સર્જક થવું કે હોવું એટલે પોતાનાં હાથમાં રહેલો દીપક ઠેર નહી તેમ વાવાઝોડાની આરતી ઉતારવાની કળા હસ્તગત હોવી !!

૩) સર્જકે જે સંવેદન પોતે અનુભવ્યું ન હોય, તેની અનુભૂતિ અન્યને નથી કરાવી શકતો !!

૪) શબ્દ એ બ્રહ્મ છે તેને છાવરવો, વાપરવો, વધારવવો, સાધવો છંવેડવો, છૂપાવવો કે છુટ્ટો મુકવો એ માણસની પાત્રતા નકિક કરે છે !!

સર્જક અને સર્જકતાની પાયાની શરતો છે. જો કોઈ પણ સ્થિતીને જોઈને, સાંભળીને વાંચીને જેનાં હૃદયમાં કશુ જ સંવેદન ન જાગે, ચચરાટ ન અનુભવાય તેણે કયારેય કોઈ પણ પ્રકારનું સર્જન ન કરવું જોઈએ જે તમે અનુભવ્યું નથી, જોયું નથી, કે જાણ્યું જ નથી જે વાત તમારા હૃદયને ઢંઢોળતી નથી.

તેની વાંચક ઉપર અસર કેવી રીતે ઉભી કરી શકાય ? સમાજનો મોટો વર્ગ કોઈનું પણ સાંભળતો નથી એ તમને વાંચશે કે સાંભળશે એવી અપેક્ષા કયારે રાખી શકાય ? એ બાબતની સભાવતા હોવી એ સાચા સર્જક બનવાની પાયાની શરત છે. સર્જક પોતાની રચના, સર્જન અને વાત પ્રમાણે જીવીને બતાવવું પડે છે. ત્યારે જ તેની વાતમાં વજન પેદા થાય છે. દા.ત.ઝવેરચંદ મેઘાણીની અનેક વાતો સાંભળવા મળશે. કે તેઓ જે મંચ ઉપરથી બોલતા તે પ્રમાણે જ જીવનમાં આચરણ કરીને બતાવતાં પછી જ કોઈ વાત રજુ કરતાં.

આજે તો સોશિયલ મીડિયાએ પ્રસિદ્ધનું હાથવગું માધ્યમ છે. ચાર લીટીઓ લખો, નીચે નામ લખો અને પોષ્ટ કરો સર્જકો અને સર્જનતાનો જાણે કે રાફડો ફાટયો હોય એવું લાગે ... એમાં પણ હવે તો સર્જનની ચોરી ઉઠાંતરીનો નવો, વરવો પ્રકાર પણ જોડાયો છે. અન્ય સર્જકની રચના નીચે પોતાનું નામ મુકીને પોસ્ટ કરવી !! કેવી અધમ બાબત ગણાય... આવી શું જરૂર છે ?!

**ચીંટીયો :** એક સુંદર વકાય વાંચેલું : કે જયારે મને પંદર વર્ષે ખબર પડી કે મારામાં સર્જક થવાનો એક પણ ગુણ નથી. પણ ત્યાં સુધીમાં હું એટલો પ્રખ્યાત થઈ ગયો હતો. કે પછી લખવાનું છોડીજ ન શકયો.

# હાસ્યધર્મથી 'શ્રેષ્ઠ કોણ'ની વાત કરીએ

નવરાત્રિના પાવન પર્વે આવો આપણે પણ સંકલ્પ લઈ ઉતમ જીવન જીવીએ અને શ્રેષ્ઠતાને પામીએ.આપણે સે અરસપરસ પર આધારિત જીવન જીવીએ છીએ. ઘણા લોકોપાસેથી આપણે કામ લેવાનું હોય છે કે કામ પાડવાનું હોય છે.આપણી આસપાસના આવા લોકોમાથી સેથી ભરોસાપાત્ર કોણ ગણાય? તેવી એક સ્વયં સ્પષ્ટ વાત જાણીએ. એક સાધુએ રાજકુમારને ત્રણ ઢીંગલીપ ભેટમાં આપી. રાજકુમારે નારાજગી દર્શાવતા કહ્યું, હું કોઈ નાનો કીકલો છું કે તમે મને ઢીંગલીઓ ભેટમાં આપો છો? સાધુ કહે, આ તો ભાવિ રાજા માટેની ભેટ છે.પ્રયાનથી જોશો તો દરેક ઢીંગલીના કાનમાં એક છિદ્ર દેખાશે.રાજકુમાર કહે તો શું? સાધુએ દોરીનો ટુકડો એને આપ્યો અને કહ્યું,આ દોરો દરેક ઢીંગલીના કાનમાથી વારાફરતી પસાર કરો.રાજકુમારી પહેલી ઢીંગલીના કાનમાં દોરો પરોવ્યો તો એ સીધો જ બીજા કાનમાંથી બહાર નીકળ્યો. સાધુ કહે, આ એ પ્રકારનો માણસ છે જેને તમે ગમે તે કહો એક કાનેથી સાંભળી બીજા કાનેથી એ બહાર નીકળી જશે. તેવો કોઈ વાતને ગંભીરતાથી લઈ પોતાની પાસે સંભાળી શકતા નથી. બીજી ઢીંગલીના કાનમાથી રાજકુમારે દોરો પસાર કર્યો તો એ ઢીંગલીના મુખમાથી બહાર આવ્યો.સાધુ કહે,આ એ પ્રકારનો માણસ છે જેને તમે જે કાંઈ કહો એ બીજા માણસને કહેતો ફરે છે. એના પેટમાં વાત ટકતી નથી.ત્રીજી ઢીંગલીના કાનમાથી રાજકુમારે દોરો પસાર કર્યો તો શરીરના કોઈપણ ભાગમાંથી બહાર નીકળ્યો નહીં.સાધુ કહે આ પ્રકારના માણસ સાથે જેકંઈ વાત કરો એ બધી એના ભીતરમાં જ કંડારાયેલી રહે છે.એ કદી બહાર આવતી નથી. ઉત્સુકતાવશ રાજકુમારે પૂછયું તો પછી આ ત્રણેયમાંથી સૌથી શ્રેષ્ઠ ભરોસાપાત્ર વ્યકિત કોણ ગણાય ? સાધુએ ચોથી ઢીંગલી કાઢી રાજકુમારે એના કાનમાં દોરી પરોવી તો એ બીજા કાનમાંથી બહાર નીકળી. સાધુએ ફરીવાર દોરી પસાર કરવા કહ્યું,આ વખતે દોરી મુખમાથી બહાર આવી.ત્રીજી વાર એ જ ક્રિયાનું પુનરાવર્તન કર્યું તો હવે દોરી કયાંયથી બહાર આવી નહીં. સાધુ કહે: જુઓ રાજકુમાર, આ પ્રકારની વ્યકિત શ્રેષ્ઠ છે, જેને ખબર છે કે કયારે કેટલું બોલવું અને કયારે ચૂપ રહેવું ! બાકી ઘણા બોલવાનું શરૂ કરે પણ પુરૂ કરતા જ ન આવડે,ઘણા ઘણા કયાં સમયે શું બોલવું શું ન બોલવું એનો ખ્યાલ નથી રાખતા અને ઘણા તો ક્કાબારાક્ષરીને પણ થકવાડી દેવા વાળા પણ પડયા છે.હસતા રહો, હસાવતા રહો.

– ડો.મયૂર દવે.

# સદ્ભાવના વૃદ્ધાશ્રમને નિ:સંતાન, નિરાધાર માવતર જોઈએ છે, નિ:શુલ્ક પ્રવેશ અપાશે

## હાલમાં પણ ૫૫૦ જેટલા માવતરો આશ્રય લઇ રહ્યા છે

વૃદ્ધશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ. કમનસીબે સંયુકત કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાધાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદ્ભાવના વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃદ્ધાશ્રમમાં નાત–જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃદ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃદ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃદ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સેથી મોટા આ વૃદ્ધાશ્રમમાં હાલ ૫૫૦




જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી–નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિ:સંતાન વડીલો માટે સદભાવના વૃદ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિ:સંતાન, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદ્ભાવના વૃદ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિ:શુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિત સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિ:સહાય, પથારીવશ વ્યકિતઓ (કોઈપણ જોવા મળે તો તેમને સદ્ભાવના વૃદ્ધાશ્રમ, રાજકોટ) સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે. આ અંગે વધુ માહિતી માટે સદ્ભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં વિશ્વસનીય 'વિશ્વાસ જ્વેલર્સ'નો દબદબાભેર પ્રારંભ



અમરેલી ખાતે પરમ હાઈસ્કુલ માં બોટાદ પંથકમાં વર્ષોથી જવેલર્સનાં વ્યવસાયમાં નાના મેળવનાર 'વિશ્વાસ જવેલર્સ' દ્વારા કેન્દ્રીયમંત્રી રૂપાલાના વરદહસ્તે શો રૂમનાં દબદબા ભેર પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં ગ્રાહકો માટે અનેક વિધી ફાયદારૂપ યોજનાઓ પણ શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે જવેલર્સના દિલીપભાઈ પાટીદાર, મુકેશભાઈ ધામત, વિજયભાઈ પાટીદાર, રુદ્રાક્ષ પાટીદાર, જયેશભાઈ પાટીદાર, ધ્રુવ ધામતે ઉપસ્થિત મહેમાનોને આવકાર્યો હતો. આ તકે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, સાસંદ કાછડીયા, પુર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલીયા, લીલીયાના અગ્રણી બાબુભાઈ ધામત, જિલ્લા પંચાયનાં પ્રમુખ ભરત સુતરીયા, નિલેશ દેસાઈ, જીતુભાઈ ડેર, અરૂણ પટેલ, ડો. ઘોડાસરા, ડો. વિવેક જોષી, રાજેશ માંગરોળીયા, દીપકભાઈ મહેતા, કલ્પેશ રૂપારેલીયા સહિતનાં આગેવાનો વેપારીઓ, સામાજિક અગ્રણીઓ, તબીબો વિગેરેએ ઉપસ્થિત રહીને શુભકામનાઓ પાઠવી હતી.

### પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર તરફથી

## સાવરકુંડલામા ગરબાનો ઉપયોગ ચકલીના માળા તરીકે કરવા અનુરોધ

### નિર્દોષ પક્ષીને બચાવવા સૌનો સહકાર જરૂરી



સાવરકુંડલા, તા. ૨૧

નવરાત્રિમહોત્સવમાં આદ્યશકિતની આરાધના વિવિધ સ્વરૂપે થતી હોય છે અને આ પર્વમાં માટીનાં ગરબાનું અનેરૂ મહત્વ હોય છે. દરેક માતાજીનું વાહન પણ પશુ – પક્ષીઓ જ હોય છે. માતાજીનાં અતિ પવિત્ર ગરબા કે જેનો ઉપયોગ નવરાત્રી પછી પણ થાય તો માતાજીના આશિર્વાદ સૌને મળી શકે એટલા માટે જ આ માતાજીનાં ગરબામાંથી ચકલીના માળા બનાવી ખુદ ચકલી માતાજીને આપણા ઘરમાં જ તેમના ઘર બનાવીએ તો ખૂબ સારૂ પર્યાવરણ અને જીવદયાનું કાર્ય થઈ શકે.નવરાત્રીની નવ દિવસની આરાધના જેના પ્રકારે કરીએ અને તે ગરબાને દસમે દિવસે મંદીરમાં મુકવા જવાની પેરાણીક શ્રદ્ધા છે તેવા સમયે ગરબાની ગરીમાં જળવાય તે હેતુસર આ કુદરતી માટીના ગરબાના જ ચકલીના માળા બને એ માટે આપણી ચકલી પણ સુરક્ષિત રહે એવી ભાવના આપણે સૌ લાવીએ. ચકલીઓ જૂના જમાનાનાં આપણા મકાનોમાં નહીં રહેતા હવે તેના માટે નવા માળા બનાવવાની જરૂરીયાત ઉભી થઈ છે. તેવા સમયે માટીના ગરબાને માળા તરીકે લટકાવવામાં આવે તો તેનો ઉપયોગ ચકલીના ઉછેર માટે આશિર્વાદરૂપ બનશે અને આપણા ગરબાની ગરીમાં પણ જળવાઈ રહેશે. ચકલી પોતાનો માળો જાતે બનાવી શકી નથી અને દિન – પ્રતિદિન વધતા જતાં પ્રદુષણયુક્ત વાતાવરણમાં આમતેમ વલખા મારી પોતાનો જીવ ગુમાવી બેસતી હોય છે, ત્યારે આવા અબોલ જીવની સુરક્ષા અને તેઓને સારો આવાસ આપવાનાં હેતુથી ગરબાનો ઉપયોગ કરવો તે ખુબ જ મોટું કાર્ય થશે.

સમગ્ર વિશ્વમાં ચકલી દિન ઉજવીને લુપ્ત થતી ચકલીઓને બચાવવા ઝુંબેશ ચલાવે છે. તેવા સમયે ગરબાનો ચકલીનાં માળા માટે ઉપયોગ થાય તો ગરબાની પવિત્રતા સાથે પ્રકૃતિનાં જતનની હીમાયત પણ થઈ શકે છે. માટે આ વખતે માટીના ગરબાનો ઉપયોગ ચકલીના માળા તરીકે કરવા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર સાવરકુંડલા તરફથી સૌને અપિલ છે જો આપ ગરબાનો ઉપયોગ ના કરી શકતા હોય તો આ ગરબાને તાત્કાલિક હનુમાનજી મંદિર,નદી કાંઠે,ગાયત્રી મંદિર સામે પહોંચતો કરશો જેથી અમે ગરબાને માળામાં ફેરવીશું અને જરૂરીયાતમંદ ચકલીને એનું કુદરતી ઘર આપીશું.

### પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં જુના ઝાંઝરીયા ગામની

હતી. બનાવમાં આપઘાત પૂર્વે મરનાર ઈન્ચાર્જ આચાર્યએ વિડીયો વાયરલ કર્યો હતો જે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ સ્ટેશન સામે દલિત સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉમટતા ડીવાયએસપી સહિતનાં પોલીસ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો. દલિત સમાજે પોલીસ સ્ટેશન સામે રોડ પર બેસી આક્રોશ વ્યકત કર્યો હતો.

## જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સભ્ય સચિવ–વ–જિલ્લા પુરવઠા અધિકારી પૂજાબેન જોટાણીયાએ અન્ન સલામતી કાયદા અન્વયે પુરવઠાની ઉપલબ્ધિ અંગેની માહિતી આપી હતી તેમજ ગત બેઠકની કાર્યવાહીની નોંધ જણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, જિલ્લામાં ઘઉ–ચોખા–બાજરીનું અને ખાંડનું ૯૫ ટકા કરતાં વધુ જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અન્ન સલામતી જથ્થાના કેસોની સમીક્ષા તેમજ વસૂલાત કરવામાં આવેલા દંડની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત વાજબી ભાવની નવી દુકાન મંજૂર કરવા અંગેની દરખાસ્ત અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાની ગલીઓમાં

તેવી માંગ ઉભી થઈ છે.

આજથી ૬ વર્ષ પહેલા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નવરાત્રિનાં સમયે ''વિકાસ ગાંડો થયો છે'' ગરબાએ ધુમ મચાવી હતી. જેમાં સરકારની અનેક નિષ્ફળતાઓનું વર્ણન થયું હતું. આજે ગરબા મુજબ સાવરકુંડલાનાં રહેણાંક વિસ્તારમાં વિકાસ તો એવો ગાંડો થયો કે માર્ગની હાલત બગાડવાની સાથે પાઈપ લાઈન અને ગટરને પણ નુકસાન કરી બેઠો છે.

સિમેન્ટનાં બ્લોકવાળો રોડ બનાવવા આઝાદ ચોકમાં કોન્ટ્રાકટરે આખી શેરી ખોદીને ખેદાન મેદાન કરી નાંખી. લોકોને કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર ગટર, પીવાનાં પાણીનાં કનેકશનો તોડી નાંખ્યાં. છેલ્લા ૧૦ દિવસથી ખોદકામ કરેલ શેરી જેમની તેમ પડી છે. શેરીમાં રહેતાં ૧૩ જેટલાં કુટુંબો નગરપાલિકા અધિકારીઓને ફોનથી ફરિયાદ કરી કરીને થાકયા. આ પરિવારો એટલા તો કંટાળી ગયા છે કે બધાં રહેવાસી એક અવાજે કહે છે કે, અમારે રોડ નથી બનાવવો ભલે કાચોને કાચો રહયો પણ આ ત્રાસમાંથી કોઈક મુકિત અપાવો. અમે કયારેય રોડની માંગણી પણ કરી નથી. રાતો રાત અમારી શેરી જેમ ફાવે તેમ ખોદી નાંખી. છેલ્લા ૧૦ દિવસથી પીવાનાં પાણી કયાંથી ભરવા તે સવાલ ઊભો થયો છે. સત્તાવાળાઓએ હાથ ઉંચા કરી દીધા છે, કોન્ટ્રાકટર રોડ ખોદી નાંખ્યા પછી ૧૦ દિવસથી ગુમ છે.

અનુભાઈ ગાંઠિયાવાળાની દુકાન પાસે આવેલ આ શેરી જે વોર્ડ નં. ૨ માં આવે છે, ચુંટણી સમયે બે હાથ જોડી, કાલી ઘેલી ભાષામાં ઘેર ઘેર કાકલુદી કરતા ચારે ચાર સદસ્યોએ તાત્કાલીક આ શેરીજનોને રૂબરૂ મળી જે કાંઈ રસ્તો થતો હોય તે રીતે ઉકેલ લાવવાની જવાબદારી બને છે.

### રાજ્ય સરકાર તરફથી રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ

## સાવરકુંડલા પાલિકાનાં કર્મચારીનું કોરોનાં કામગીરી દરમિયાન મૃત્યુ થતા સહાય ચુકવાઈ

### ધારાસભ્ય કસવાલાનાં હસ્તે મૃતકની પત્નિને ચેક અર્પણ



સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા નગર પાલિકાના કર્મચારીનું ૨૦૨૦ના કોરોના કાળમાં કોરોના સમયમાં કામ કરતા કરતા કોરોના ગ્રસ્ત થતા તેમનું મૃત્યુ થયું હતું ગુજરાત સરકારના નિયમને જાહેરાત મુજબ આ નગરપાલિકાના કર્મચારી બાલાભાઈ મોહનભાઈ પરમારને ગુજરાત સરકાર તરફથી તેમના આશ્વિત ને રૂપિયા ૨૫ લાખની સહાય મંજૂર હતા સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા મૃતક કર્મચારી બાલાભાઈના પત્નીને આપવામાં આવી હતી સાવરકુંડલાના વાલ્મિક નગરની અંદર રહેતા બાલાભાઈના નિવાસ્થાને ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ચીફ ઓફિસર બોરડ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી પૂર્વ પ્રમુખ રાજુભાઈ દોશી નગરપાલિકાના સ્ટાફ સહિત જઈને આશ્વાસનના બે શબ્દો આપી સરકારની અને નગરપાલિકાની સંવેદનાઓ રજૂ કરી હતી.આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલ્મિકી સમાજના ભાઈ બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અવસાન નોંધ

**સાવરકુંડલા : શ્રીમાળી વાણિયા સોની :** સોની ધોળકિયા કનૈયાલાલ હરિલાલ (ધોળકિયા ઈલેક્ટ્રિક સ્ટોર્સ)ના ધર્મપત્ની 'ભારતીબેન કનૈયાલાલ ધોળકિયા' (ઉ. વ. ૭૪) તા. ૧૯/૧૦/૨૦૨૩ ગુરૂવારના રોજ દેવલોક પામેલ છે. તે હર્ષદભાઈ (નિવૃત–એસબએસ), ડો નલિનભાઈ (જનરલ સર્જન–સા.કું.), નરેન્દ્રભાઈ (બાલાભાઈ–સોની હરિલાલ ડાહ્યાભાઈ જવેલર્સ – સા.કું.) ના ભાભી તેમજ ચારૂબેન નિલેશકુમાર સોની (દિલ્હી), જાગૃતિબેન પરાગકુમાર લાઠીગરા (સુરત), પાયલબેન વિજયકુમાર રોજેસરા (બેંગ્લોર), ખ્યાતિબેન કે. ધોળકિયા (ડિસ્ટ્રી. પંચાયત) ના માતૃશ્રી તેમજ સ્વ. સોની પ્રાણલાલ રતિલાલ લંગાળિયા (રાજુલા) ના દીકરી તેમજ સ્વ. ડો. રસિકભાઈ લંગાળિયા (ગોંડલ), જશવંતભાઈ (રાજુલા), સ્વ. જિતેન્દ્રભાઈ (સા.કું.), ગુણવંતભાઈ (રાજકોટ), જયસુખભાઈ (ભાવનગર)ના બહેન થાય.

### પાના ૮ ઉપરનું ચાલું સિમેન્ટ ભરેલ ટ્રક

મારફતે ડેમમાંથી બહાર કાઢવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ અકસ્માતમાં ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો ત્યારે ટ્રકમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાતા અકસ્માતની ઘટના બની હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

સંકુલ PG - DMLT કોલેજ – સ્ટાફ જોઈએ છે.

★ M.Sc. વીથ MLT ( બે વર્ષ નો કોર્ષ ) ની લાયકાત ધરાવનારે સંપર્ક સાધવો

★ અથવા MD પેથોલોજી ની લાયકાત ધરાવનારે સંપર્ક સાધવો.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી * ફોન-૦૨૭૯૨-૨૨૩૨૩૧ થી ૩૬ Ad066

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૧૯ | ૧૫૯૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૦ | ૧૪૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૦૦ | ૧૬૭૫ |
| ૪ | તલ સફેદ | ૧૨૦૦ | ૩૫૯૫ |
| ૫ | તલ કાળા | ૨૬૯૦ | ૩૪૮૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૨૯૦ | ૪૧૦૦ |
| ૭ | બાજરો | ૩૦૪ | ૪૪૯ |
| ૮ | જુવાર | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૯૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૫ | ૬૦૧ |
| ૧૧ | મકાઈ | ૪૨૬ | ૪૨૬ |
| ૧૨ | અડદ | ૧૬૫૧ | ૧૮૫૧ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૩૨૯ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૫ | તુવેર | ૯૪૦ | ૧૧૫૦ |
| ૧૬ | કપાસ | ૯૨૫ | ૧૪૯૨ |
| ૧૭ | એરંડા | ૯૭૫ | ૧૧૨૦ |
| ૧૮ | જીરૂ | ૪૦૦૦ | ૧૦૫૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૧૦ | ૧૩૫૫ |
| ૨૦ | સોયાબીન | ૬૨૦ | ૯૩૮ |
| ૨૧ | રજકાનું બી | ૪૦૦૦ | ૪૧૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૯૨ | ૧૪૫૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૫૦ | ૮૫૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૧૩ |
| ૨ | મગફળી | ૧૩૦૨ | ૧૩૦૨ |
| ૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૬૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૪૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૪૨૧ |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૫૪૫ |
| ૭ | બાજરો | ૩૭૫ | ૪૨૮ |
| ૮ | જુવાર | ૫૮૫ | ૧૦૦૧ |
| ૯ | મકાઈ | ૪૫૦ | ૫૫૧ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૯ |
| ૧૧ | સોયાબીન | ૮૨૦ | ૯૩૭ |
| ૧૨ | તુવેર | ૧૬૬૦ | ૨૧૫૧ |
| ૧૩ | રાય/રાયડો | ૯૦૦ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૫ | ૧૫૧૫ |
| ૨ | મગફળી | ૧૨૪૬ | ૧૩૪૪ |
| ૩ | તલ સફેદ | ૨૭૩૦ | ૩૩૭૦ |
| ૪ | મગ | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ૫ | અડદ | ૧૫૧૦ | ૧૬૯૦ |
| ૬ | ચણા | ૯૩૦ | ૧૧૭૦ |
| ૭ | સોયાબીન | ૮૧૦ | ૮૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૦૨૨ | ૧૨૮૫ |
| ૩ | જુવાર | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૪ | સોયાબીન | ૭૪૫ | ૮૬૮ |
| ૫ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૬ | મગફળી | ૧૦૪૮ | ૧૪૦૦ |
| ૭ | અડદ | ૧૬૪૦ | ૧૬૪૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૭૬ | ૫૭૬ |
| ૧૦ | તુવેર | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૧ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૧૦૧ | ૧૩૫૬ |
| ૩ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૪ | ચણા | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ૫ | અડદ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૨ |
| ૭ | સોયાબીન | ૮૨૦ | ૮૮૦ |
| ૮ | રજકા બી | ૨૬૨૬ | ૨૬૨૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૩૩૦ |
| ૨ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૪૭૦ |
| ૩ | કપાસ | ૧૨૮૦ | ૧૪૭૦ |
| ૪ | બાજરો | ૩૫૪ | ૪૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૧૦૦૧ | ૧૧૮૬ |
| ૭ | મકાઈ | ૫૨૬ | ૫૨૬ |
| ૮ | અડદ | ૧૮૭૪ | ૧૮૭૪ |
| ૯ | ચણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૪૫ | ૮૯૦ |

# સેવા પ્રવૃતિનાં ભેખધારી પૂ.રતિદાદાનો સોમવારે નવમાં નોરતે ૯૮મો જન્મ દિવસ

ચલાલા, તા.૨૧

ચલાલા અને આજુ-બાજુનાં વિસ્તારમાં તમામ પ્રકારની સેવાકીય પ્રવૃતિ માટે પૂ.રતિદાદાનું નામ ગુંજી રહયું છે. અહિ આવતા લોકોની તમામ તકલીફો વેદમાતા ગાયત્રી દ્વારા અને તેના માટે નિમિત એવા પૂ.રતિદાદા દ્વારા દુર થાય છે. એક નાનકડી શરૂઆતથી લઈ પૂ.રતિદાદાએ આ સંસ્થાને હાલ એક વટવૃક્ષ સમાન બનાવી દીધી છે. જેમાં તેમની અથાંગ મહેનત અને સાથે પરિવારજનો સાથ સહકાર તથા લોકોની સેવા માટેનો તેમનામાં રહેલો ભાવ સાક્ષાતમાં ગાયત્રીના દર્શન કરાવે છે.



પૂ.રતિદાદા સંસ્થામાં હાલ આરોગ્ય સેવા, શિક્ષણ સેવા, પર્યાવરણ સેવા, ગૌ-સેવા માનવ સેવા વગેરે જીવંત રૂપે ચાલી રહી છે. જેમાં

આરોગ્ય સેવામાં સંસ્થા દ્વારા ૨૬૦ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પો પુરા કરી હજારો લોકોને મોતીયાનાં વિનામૂલ્યે ઓપરેશન કરી દેખતા કર્યા છે. સાથે શ્રી રામ હોસ્પિટલમાં દાંત વિભાગ, આંખ વિભાગ, કાન-નાક, ગળાનો વિભાગ આ તમામ વિભાગ વિનામૂલ્યે ચલાવવામાં આવે છે. અને જરૂરીયાતમંદ દર્દીઓ માટે વોકર, યુરીનલ ચેર, વ્હીલચેર, સ્ટ્રેચર વગેરે સાધનો વિનામૂલ્યે વાપરવા માટે આપવામાં આવે છે. હાલ ૨૦૦ જેટલા સાધનો સંસ્થા દ્વારા દર્દીઓના ઉપયોગમાં કાર્યરત છે.

શિક્ષણ સેવામાં માતા-પિતા વગરનાં બાળકોને રહેવા, જમવા તથા અભ્યાસની સુવિધા આપી તેમને પગભર કરવામાં આવે છે. ગાયત્રી સંસ્કાર વિદ્યાલય નામની શાળામાં ગરીબ અને જરૂરીયાતમંદ કુંટુંબની ૫૦ જેટલી દિકરીઓ વિનામૂલ્યે અભ્યાસ કરે છે. તથા દિકરીઓ માટે સ્પોર્ટસ, આર્ટસ અને કોમર્સ અને બી.સી.એ કોલેજની સુવિધા પણ ઉપલબ્ધ છે.

પર્યાવરણ સેવામાં વર્ષ દરમ્યાન અલગ-અલગ કાર્યક્રમો દ્વારા ૨૫૦૦ જેટલા રોપાઓ વિતરણ કરી અને તેનો ઉછેર કરાવી પર્યાવરણ ક્ષેત્રે જનજાગૃતિ લાવવામાં આવે છે.

ગૌ-સેવામાં સંસ્થામાંથી કૃષ્ણ ગૌ-શાળામાં ઓરીજનલ ગીર ગાયોનો ઉછેર કરવામાં આવે છે. અવેડી બનાવી પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. રઝળતી ગાયો માટે લીલાની વ્યવસ્થા કરવામાં આવે છે. દર વર્ષે ૫૧ થી ૧૦૧ સર્વજ્ઞાતિ સમુહલગ્નો દ્વારા ગરીબ જરૂરીયાતમંદ દિકરીઓના માતા-પિતા બની તેમને કરીયાવર આપી તેમને વિદાય કરાવે છે. જેનું નોંધણી કાર્ય શરૂ છે.

માતા-પિતાનું ઘર વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને તમામ જરૂરીયાતો પુરી કરી તેમને સુંદર રીતે સાચવવામાં આવે છે. રહેવા જમવા, કપડા માટે વોશીંગ મશીન, ટી.વી. જેવી ભૌતિક સુવિધા સાથે તેમની સાર સંભાળ કરવામાં આવે છે. વિધવા બહેનોનું મંડળ બનાવી તેમને દર પુનમે સત્સંગ, ચા-નાસ્તો તથા વિનામૂલ્યે યાત્રા પ્રવાસ કરાવવામાં આવે છે. સાથે જરૂરીયાતમંદ લોકોને દર મહિને રાશનકીટ, ઉનાળામાં ચપ્પલ વિતરણ, છાશ વિતરણ, શિયાળામાં ધાબળા વિતરણ, તહેવારો નિમિતે મીઠાઈ, કપડા વિતરણ જેવી અનેક સેવાકીય પ્રવૃતિઓ નિઃસ્વાર્થ ભાવે ચાલી રહી છે.

આ તમામ પ્રવૃતિના માધ્યમથી પૂ.રતિદાદાને લોકોનાં હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. પૂ.રતિદાદાને લાખ લાખ શુભકામનાં પાઠવતા એક પંકિત જરૂર યાદ આવે છે કે 'જનની જણતો ભકત જણ જે' મો.૯૪૨૭૪ ૯૧૦૯૭, ૮૮૬૬૩ ૭૪૧૧૨.

### અવરનેસ સફાઈ વગેરે માટે

# રાજુલામાં છેલ્લા ૧૫ વર્ષથી ટ્રાફિક ઝુંબેશ ચલાવતા સંઘવીભાઈ



રાજુલા, તા.૨૧

રાજુલાના રહીશ અને અનેકવિધ દેશી દવાની દુકાન ધરાવતા સંઘવીભાઈ છેલ્લા ૧૫ વર્ષથી ટ્રાફિક અવેરનેસ માટે લોકોને જાગૃત કરવાનો પ્રયત્ન કરી રહેલા છે. શરૂઆતના વર્ષોમાં તેઓ સાયકલ પર માઈક રાખીને ટ્રાફિકના નિયમો પાળવા બાબતે બોલતા.

હવે તેઓ જાતેથી મોટર સાયકલ ઉપર હેલ્મેટ પહેરીની જ ઘરેથી દુકાને આવી જાય છે. અને આ દરમિયાન તેઓ ડાબી બાજુ ચાલો, હેલ્મેટ પહેરો, હોર્ન બિનજરૂરી ન વગાડો, સફાઈમાં ધ્યાન આપો વગેરે સુત્રો છેલ્લા ૧૫ વર્ષથી બોલે છે. રાજુલા જેવા નાના શહેરમાં આ સંઘવીભાઈ કોઈપણ પ્રસિધ્ધિની અપેક્ષા વગરની સેવા અદભૂત છે.


અગાઉ પુજયભાઈ રમેશભાઈ ઓઝાના ધ્યાને પણ આ બાબત આવતા તેઓએ પ્રોત્સાહિત કરેલા, સંઘવીભાઈની આ સેવાકીય પ્રવૃતિથી લોકોમાં સુધારો જોવા મળી રહયો છે. રાજુલા બ્રહ્મ સમાજની નવરાત્રીમાં આ સંઘવી ભાઈને આમંત્રિત કરી પુર્વ એસીપી જે.એમ.ઠાકરે બે આ સેવાદારી સંઘવી ભાઈને શાલ ઓઢાડી હારતોરા કરી અને સ્વાગત કરેલું.

### 'સ્વચ્છતા હી સેવા' અભિયાન વેગવંતુ બન્યું

# લાઠી તાલુકાના આસોદર ગામે મહિલાઓ દ્વારા મંદિરોની સાફ-સફાઈ ઝુંબેશ યોજાઈ

અમરેલી તા.૨૧

રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા હવે દૈનિક ધોરણે ખાસ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.જિલ્લામાં આગામી બે મહિનાદરમિયાન સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી બની છે. લાઠી તાલુકાના આસોદર ગામે મહિલાઓ દ્વારા મંદિરોની સાફ - સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. જિલ્લામાં ચાલુ સપ્તાહે ગ્રામ્ય કક્ષાએ વિવિધ જગ્યાએ જાહેર સ્વચ્છતા, કચરો એકઠો થતો હોય તે જગ્યાની સફાઈ- લોકો ઘરે જે ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જન જાગૃત્તિ, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, મ્યુઝીયમ અને



હેરિટેજ બિલ્ડિંગો,શાળાઓ, મહા પુરૂષોની પ્રતિમા, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સાફ - સફાઈ, જળાશયો અને નદી નાળાની સાફ સફાઈ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. સમગ્ર રાજયમાં હાલ ' સ્વચ્છતા હી સેવા'અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ.

### આગામી લાભ પાંચમનાં દિવસથી

# બગસરા પંથકનાં ખેડૂતોને મુંજીયાસર ડેમનું પાણી અપાશે

### ધારાસભ્ય જે.વી. કાકડીયા મદદે આવ્યા



અમરેલી, તા.૨૧

બગસરા સર્કિટ હાઉસ ખાતે ખેડૂતોનાં પાક માટે મુંજીયાસરનાં ડેમમાંથી પાણી છોડવા માટે એક અગત્યની મિટિંગ સિંચાઈ વિભાગનાં અધિકારી સાથે ધારાસભ્ય જે.વી.કાકડીયા, દ્વારા બોલાવવામાં આવેલ. અને લાભ પાંચમાંના શુભ દિવસે પાણી છોડવામાં આવશે. એવો નિર્ણય લેવામાં આવેલ છે.

આ તકે જિલ્લા પંચાતના સભ્ય ધીરૂભાઈ માયાણી, એ.બી.રીબડીયા સહિતનાં આગેવાનો અને અધિકારી ઉપસ્થિત રહયા હતા.

### મેઘાબેન ગઢીયાની કામગીરીથી શહેરીજનો ખુશ

# સાવરકુંડલા : પાલિકાના આરોગ્ય સમિતિનાં નવનિયુક્ત ચેરમેને સફાઈ અભિયાન શરૂ કરાવ્યું

### સફાઈ કર્મીઓની ટીમ બનાવીને સફાઈ કાર્ય શરૂ

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા સેનિટેશન વિભાગના ચેરમેન મેઘાબેન ગઢિયાની સુંદર કામગીરીથી લોકોમાં ખુશી જોવા મળી' તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ પાલિકામાં સાધારણ સભા મળી હતી અને તાજેતર માં ભાજપના મોવડી મંડળ દ્વારા વિવિધ કમેટી ની રચના કરવામાં આવી હતી.



જેમાં શહેરની સાફ સફાઈ બાબતે આવતી અનેક ફરિયાદને ધ્યાને લય શહેરને સ્વચ્છ બનાવવા ભાજપ પક્ષ દ્વારા સેનિટેશન વિભાગના ચેરમેન તરીકે મેઘાબેન હેમાનગભાઈ ગઢિયાની વરણી કરવામાં આવતાજ ચેરમેન મેઘાબેન દ્વારા સેનિટેશન વિભાગની મિટિંગ બોલાવી કર્મચારીઓને સફાઈ બાબતે કડક સૂચના આપી દિવાળી પેહલા શહેરની ગંદકી માતર સાફ કરવા સૂચના આપી વહેલી સવારથી સફાઈ કરાવવાનું ચાલુ કરી દેતા માત્ર પાંચ દિવસમાં સફાઈ બાબતે પરિણામ જોવા મળી રહ્યું છે અને ચેરમેન મેઘાબેન અને પતિ હેમાનગભાઈ ગઢિયા દ્વારા સફાઈની અલગ અલગ ટિમ બનાવી ખુદ ચેરમેન દરેક સ્થળે હાજર રહી દરરોજે દરરોજ ગંદકી અને કચરાના ઢગલા ઉપડાવી શહેરને ગંદકી મુક્ત કરવાની નીતિ સાથે આગળ વધી દરેક વિસ્તારમાં દસ દસ લોકોની ટિમ બનાવી સફાઈ જુમબેશ હાથ ધરાતા લોકોમાં ખુશી જોવા મળી અને ઠેર ઠેરથી સેનિટેશન વિભાગના નવનિયુક્ત ચેરમેન મેઘાબેન હેમાનગભાઈ ગઢિયાને સરસ અને સુંદર સફાઈ બાબતે શહેરીજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે અને માત્ર પાંચ દિવસની મેહનતના અંતે શહેરમાં એક પણ ગટર ઉભરાવવાની ફરિયાદ જોવા મળતી નથી.

### નવી દિલ્હીની વડી અદાલતનાં આદેશનાં આધારે માંગ

# વિકાસની યોજનાથી પર્યાવરણને કેટલું નુકશાન થાય છે તેની પણ જાહેરાત કરો

### પુર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્ય સચિવને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં પુર્વ સાસંદ વિરજી ઠુંમરે રાજયનાં મુખ્ય સચિવને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હવામાં વધતા જતાં પ્રદુષણ અને તેનાં કારણે દિન-પ્રતિદિન રોગપ્રતિકારક શકિત ક્ષમતામાં માનવજીવન અને પર્યાવરણને ભારે મોટું નુકશાન થતું જાય છે. વિકાસ ખુબ જ જરૂરી છે. પરંતુ પર્યાવરણનું જતન કરવું પણ એટલું જ જરૂરી છે બંને વચચે ભારે મોટો વિરોધાભાર્થી ઉભો થતો જાય છે.



એક ના ભોગે જ બીજું શકય છે પરંતુ વિકાસની યોજનાથી પર્યાવરણને કેટલું નુકશાન પહોંચે છે. અને તેનાં વિકલ્પે કયાં પગલા લેવાયા છે. કે લેવામાં આવી રહયા છે. તેની માહિતી જાણવાનો હિન્દુસ્તાનના નાગરિક તરીકે તમામને અધિકાર છે અને આવી જરૂરી માહિતી હોય તો માહિતીપ્રદ પસંદગી કરવાનાં વિકલ્પ મળતા હોય છે. તાજેતરમાં દિલ્હીની વડી અદાલતે ચુકાદો આપી રસપ્રદ વાત કરી છે. અને કહયું છે કે કેન્દ્ર સરકાર સંસ્થાનાં વિકાસ માટે બાંધકામની કોઈપણ યોજનાં ચાલતી હોય તે સ્થળે જ પર્યાવરણને નુકશાન થાય અને તે વિકલ્પને ખાળવા માટેની વ્યવસ્થા વિશે મહત્વની વિગતો એક જાહેર બોર્ડ ઉપર લખીને જાહેર કરવામાં આવે વડી અદાલતે આ બાબત ટોકતા જણાવ્યું છે જેમ કે, કેટલા વૃક્ષો નાશ થશે અને કેટલા વૃક્ષો વાવવામાં આવશે ? તેની વિગતો બોર્ડ પર જાહેર કરવી પડશે.

વડી અદાલતે ચુકાદામાં એમ પણ કહયું છે કે, આ બાબતે કેન્દ્રના સંયુકત સચિવ કક્ષાની વ્યકિતની નિમણુંક કરીને ચુકાદાનું પાલન થાય છે કેમ તેની પણ કાળજી રાખે. વડી અદાલતનો આ હુકમ આવકાર્ય છે કેમ કે આવી માહિતી મેળવવા પર્યાવરણ સાથે જોડાયેલો વ્યકિતઓને માહિતી અધિકાર કાયદા નીચે હવે આવી અરજી નહી કરવી પડે માહિતી અધિકાર ધારાની કલમ-૪(૧) સ્પષ્ટ છે.

સરકારે આવી અનેક બાબતોની માહિતી જાહેર કરવાની હોય છે. પરંતુ કોઈનાં કોઈ બહાના નીચે આવી માહિતી જાહેર કરવામાં આખમીચામણી થતી હોવાનો અનુભવ સર્વત્ર થઈ રહયો છે. તેવા સમયે વડી અદાલતનો આ ચુકાદો ખુબજ અગત્યનો બને છે.

માત્ર કેન્દ્ર સરકર જ શા માટે રાજય સરકારની સંસ્થાઓ તેમજ સ્થાનિક સંસ્થાઓ આ પ્રકારની માહિતી વિકાસના ચાલતા કામોનાં સ્થળ ઉપર જાહેર કરે તે ઈચ્છનીય અને જરૂરી છે. તેમ અંતમાં જણાવેલ છે.

# પિયાવા ખાતે હેલ્થ મેળાનું આયોજન થયું



સાવરકુંડલા, તા.૨૧

હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પિયાવા ખાતે હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સગર્ભા માતા તથા નાના બાળકોની તપાસ તથા સારવાર કરવામાં આવી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર. એમ. જોશી,આર.સી.એચ. ઓ.ડો.સાલવી જિલ્લા ટીબી અધિકારી ડો.અલ્તાફ કુરેશી કયું એમ ઓ. ડો.આર.કે.જાટ તાલુકા હેલ્થ ઓફિસર ડો.મીનાના માર્ગદર્શન હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પિયાવા ખાતે હેલ્થ મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં આભા તથા આયુષ્યમાન કાર્ડ બનાવી આપેલ જેમાં ગામના લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો આ કેમ્પમા મેડિકલ ઓફિસર રીપલબેન મહેતા કોમ્યુનટી હેલ્થ ઓફિસર જાગૃતભાઈ ચૌહાણ તથા આર.બી.એસ.કે મેડિકલ ઓફિસર ડો.વિવેક લાડવા તથા ડો.રિટાબા ગોહિલ પ્રકાશભાઈ હેલૈયા, હીરલબેન સુરજીવાલા દ્વારા સેવા આપવામાં આવી આ કેમ્પને સફળ બનાવવા આશા બહેનોએ ભારે જહેમત ઊઠાવી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# ધારી : બગસરા શરાફી મંડળી તાલુકા પંચાયતનાં પ્રમુખનાં સન્માન સાથે ડીવીડન્ડ વિતરણ સમારોહ યોજાયો

ધારી, તા.૨૧

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. વર્ષ ૨૦૨૨-૨૩ના સભાસદોને ૧૫% લેખે રૂા.૪૪,૧૫,૪૬૯ ડીવીડન્ડ વિતરણ સમારોહ ધારી શાખા ખાતે યોજાયો. જેમાં તાલકુા પંચાયતના નવ નિયુકત પ્રમુખ કિરણબેન ઘનશ્યામભાઈ હીરપરાનું વિશિષ્ટ સન્માન મંડળી દ્વારા કરવામાં આવ્યું. સાથે તેઓનાં હસ્તે ડીવીડન્ડ ચેક વિતરણ શુભારભ કરેલ આ તકે પધારેલ મહાનુભાવોએ મંડળીની પ્રગતિને બિરદાવેલ.



આ ડીવીડન્ડ વિતરણ સમારોહમાં ધારી પ્રાંત અધિકારી મહાવદીયા, માર્કેટીંગયાર્ડ પ્રમુખ રમણીકભાઈ સોજીત્રા, ધારી પી.આઈ. દેસાઈ, શાખા એમ.ડી. કેતનભાઈ ધકાણ, ડીરેકટર વિનુભાઈ પટોળીયા, નીલેશભાઈ તેરૈયા, એડ બોર્ડ મેમ્બર જયસુખભાઈ રંગપરીયા, સંખાભાઈ ગમારા, ભરતભાઈ આમલસેડા, ભરતભાઈ ડાભી, નીલેશભાઈ ઘેલાણી, લીંગલ એડવાઈઝર રવિકુમાર વાળા સહિતનાં સભાસદો ઉપસ્થિતી રહેલ તેમ શાખા સેક્રેટરી વિજય ચાવડાની યાદી જણાવે છે.

# જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ એડવાઈઝરી કમિટિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૧

આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત અમરેલી ખાતે પીસી પીએનડીટી એકટ-૧૯૯૪ અન્વયે જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ એડવાઈઝરી કમિટીનાં બેઠક યોજાઈ હતી.

બેઠકમાં તા. ૨૪/૮/૨૦૨૩ ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી. ઉપરાંત નવા અને રીન્યુઅલ રજીસ્ટ્રેશન મંજુરી વિષયક વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજયમાં બેટી બચાવો – બેટી પઢાઓ અભિયાન અંતર્ગત ઉતમ પરિણામો પ્રાપ્ત થઈ રહયા છે. જિલ્લામાં રજીસ્ટર્ડ હોસ્પિટલ, કિલનીક અને સંસ્થાઓ માટે સીસીટીવી ફરજિયાત બાબતે તાજેતરમાં જ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જોષી સહિત જિલ્લા કક્ષાની ડિસ્ટ્રીકટ એડવાઈઝરી કમિટીનાં સર્વે સભ્યઓ ઉપસ્થિત રહયા હતા.

# બગસરા નગરપાલિકા દ્વારા મહાપુરૂષોની પ્રતિમાની સાફ સફાઈ કરવામાં આવી

અમરેલી,તા.૨૧

સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૫ ઓકટોબરથી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૩ દરમિયાન બે માસનું સ્વચ્છતા અભિયાન યોજાઈ રહ્યુ છે.

આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં વિવિધ શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં કેલેન્ડર મુજબ સફાઈ અભિયાન યોજાઈ રહ્યા છે. સ્વચ્છતાની આ ઝુંબેશમાં બગસરા નગરપાલિકા દ્વારા શહેરમાં આવેલી મહાપુરૂષોની વિવિધ પ્રતિમાઓની સાફ સફાઈ કરવામાં આવી હતી. ટીમ બગસરા નગરપાલિકા દ્વારા નાગરિકો, શહેરની સંસ્થાઓ અને આગેવાનોએ સાથે મળી અને સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવ્યું હતું. 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં તા.૨૨ ઓકટોબરના રોજ



જિલ્લામાં શહેર તથા ગ્રામ્યના તમામ ધાર્મિક સ્થળો, મ્યુઝિયમ, પ્રવાસન સ્થળોની સફાઈ કરવામાં આવશે. ત્યારબાદતા.૨૩થી ૨૮ ઓકટોબર સુધી જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી, બિલ્ડીંગ, શાળા, કોલેજો અને આંગણવાડીની સફાઈ કરવામાં આવશે.

# સ્થાનિકો કહે છે કે તમારો ''ગાંડો વિકાસ'' અમારે નથી જોઈતો

# લ્યો બોલો : સાવરકુંડલાની ગલીઓમાં વિકાસ ગાંડો થયો છે

શહેરનાં આઝાદ ચોકમાં રહેણાંક વિસ્તારમાં ગટર, પાણીની પાઈપલાઈન તોડીને વિકાસ કરવામાં આવતાં પરેશાની

જ્યાં જરૂર છે ત્યાં માર્ગ બનાવાતો નથી અને જ્યાં કોઈએ માંગ કરી નથી ત્યાં શાસકો માર્ગ બનાવવા અધીરા

૧૦ દિવસથી માર્ગને તોડીને કોન્ટ્રાક્ટર ગાયબ થઈ ગયા હોય સ્થાનિકો ત્રાહીમામ થયા

સ્થાનિક નગરસેવકો જે રીતે મત માંગવા નીકળેલ તેવી જ રીતે સમસ્યા જાણવા નીકળે તેવી માંગ



તસ્વીર-અહેવાલ : પ્રતાપભાઈ ખુમાણ-સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલામાં આવેલ આઝાદ ચોકનાં રહેણાંક વિસ્તારમાં પાલિકાનાં શાસકોને વિકાસની એવી લગની લાગી કે માર્ગ તોડીને ખેદાન-મેદાન કરી નાખતા પીવાના પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન તમામને વ્યાપક નુકસાન થતાં સ્થાનિકોમાં રોષનો માહોલ ઉભો થયો હોય જે રીતે નગર સેવકો મત માંગવા નીકળેલ તેમ સમસ્યા જાણવા નીકળે

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલાનાં સાવરકુંડલા બાયપાસ માર્ગની ઘટના

## લ્યો બોલો : સિમેન્ટ ભરેલ ટ્રક ધાતરવડી ડેમમાં ખાબકયો

### મહામુસીબતે ટ્રકને બહાર ખેંચવામાં આવ્યો



અમરેલી, તા. ૨૧

રાજુલા નજીક સાવરકુંડલા બાયપાસ રોડ પર પસાર થતો એક સિમેન્ટ ભરેલ ટ્રક ધાતરવડી ડેમમાં ખાબકતા તે ટ્રકને ક્રેન મારફતે ડેમમાંથી બહાર કાઢવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ સિમેન્ટ ભરેલ ટ્રક ગોંડલથી જાફરાબાદ તરફ જઈ રહ્યો હતો તે ટ્રક રાજુલા નજીક સાવરકુંડલા બાયપાસ રોડ પર પસાર થતો તે દરમિયાન ટ્રક પલ્ટી મારી જતાં સિમેન્ટ ભરેલ ટ્રક ધાતરવડી ડેમમાં ખાબકતા અકસ્માત સર્જાયો હતો. તે ટ્રકને ક્રેન

અનુસંધાન પાના ૬ ઉપર

## ગેસ સીલીન્ડર લીકેજ થતાં દોડધામ

## અમરેલીનાં કુંકાવાવ માર્ગ ઉપર રહેણાંક મકાનમાં અચાનક આગ લાગી

### ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસે આગ પર કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાનાં ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામાં આવી કે અમરેલી નજીક કુંકાવાવ રોડ ઉપર આવેલ જકાતનાકા પાસે એક રહેણાંક મકાનમાં રસોઈનાં ગેસ સીલીન્ડરમાં અચાનક આગ લાગવાની ઘટના બનેલ હોય. તેની ટેલિફોનીક જાણ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને કરતા ફાયર ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતા અને સાહસ કરી પહેલા તો મહામહેનતે સળગતો ગેસ સીલીન્ડરને ઘરમાંથી બહાર કાઢી સીલીન્ડર આગ કાબુમાં લીધી હતી. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફ પારસભાઈ પરમાર, કરનદાન ગઢવી, ભુરીયા જગદીશભાઈ, યોગેશભાઈ વગેરે જોડાયા હતા.


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)